# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૬૨ વર્ષ - ૧૪ : માર્ચ–૨૦૧૧

**પોષ સુદ ૩, રવિવાર તા. ૧૩-૦૧-૧૯૬૯, ગાથા-૧૪ ઉપર**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ઉપરનું પ્રવચન, પ્રવચન–૧૬**



(ગતાંકથી ચાલુ)

ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, પ્રકાશનો પૂંજ અને સ્વચ્છતાનો સાગર, એવું જે સ્વરૂપ, એને આવા નિમિત્તને આધીન થયેલા, નિમિત્ત દ્વારા થયેલા, પર દ્વારા થયેલા, દુશ્મન દ્વારા (થયેલા ઉપાધિ ભાવ છે). નથી કહેતા કે ભાઈ! તને સંગ થયો આનો. એના દ્વારા તને દોષ લાગ્યો. કર્યો છે તો એણે. એમ કર્મના સંગ દ્વારા થયેલા 'परसंग एव' ઉપાધિભાવ, મલિનભાવ એવા સંયુક્ત મલિનભાવથી નિર્મળાનંદ પ્રભુ સહિત નથી, રહિત છે. આહા..! સમજાણું કાંઈ?

આખો ચૈતન્ય શુદ્ધ આનંદનો ગોળો, ધ્રુવ સાગર સમુદ્ર, સ્વભાવનો સાગર એવો ભગવાન એક ક્ષણની કૃત્રિમ ઉપાધિના મેલ સહિત નથી. આહાહા..! એકત્વ-વિભક્ત. પેલું એકત્વ-વિભક્ત કહ્યું છે ને? ત્યાં બીજી રીતે છે. અહીં આ રીતે કહ્યું છે. ભગવાન આત્મા મલિન પરિણામથી વિભક્ત છે, એકત્વ નથી. આહાહા..! એવો ચૈતન્ય સ્વભાવ ભગવાન, એને વિકારસહિત (માનવો), વિભક્ત છે તેને એકત્વ માનવું એનું નામ જ મિથ્યાદર્શન ને મિથ્યાત્વ છે, સંસારમાં રખડવાનું આ કારણ છે. કહો, સમજાય છે કે નહિ આ ? કહો, સમજાણું? વાહ! ભારે વાત, ભાઈ! કેટલી શૈલી અનોખી છે! આચાર્યની ગજબ શક્તિ ! એનું પાછળ કામ કેટલું કરે છે! ક્ષયોપશમ જ્ઞાન કેટલું કામ કરે છે !

કહે છે, ભાઈ! જુઓ! કર્મ સંસારનું બીજ છે એમ ન કહ્યું. કર્મ સંસારનું બીજ છે એમ ન કહ્યું. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં કહ્યું છે ને? ભાઈ! કર્મનું નિદાન બતાવશું. પણ એ તો હેતુ, નિમિત્ત કોણ છે એમ કહ્યું છે. સંસારનું બીજડું કર્મ નહિ, તેમ સંસારનું બીજ સ્વભાવ નહિ. આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યની મૂર્તિ એ સંસારનું બીજ નહિ, એ તો મોક્ષનું બીજ છે. કર્મ સંસારનું બીજ નહિ એ તો જડ છે. સંસારપર્યાય તો વિકારી છે, એનું બીજ જડ ન હોય. સંસાર ચોરાશીના અવતારનું રખડવાનું બીજડું નિર્મળાનંદના નાથને મલિન સહિત માનવો એ સંસારમાં રખડવાનું બીજ છે. એ પણ... શું કહ્યું? જુઓ!

**'તો પણ અજ્ઞાનીને...'** ભાષા એમ છે, જુઓ! **'बालिशानां'** છે ને? **'बालिशानां'**. અજ્ઞાનીને **'પોતાના અજ્ઞાનથી...'** ભાષા આવી છે. **'बालिशानां प्रतिभासः'** છે ને? અજ્ઞાનીને અજ્ઞાનને કારણે ભાસે (છે), એમ પાછું સિદ્ધ કરવું છે. **'અજ્ઞાનીને પોતાના અજ્ઞાનથી...'** ત્યાં જો એમ કહેવું હોય તો તો પછી ત્યાં એમ જ કહે કે, એ પણ ત્યાં દર્શનમોહના કારણે ત્યાં એવો ભાસ થાય છે. નિમિત્તથી દોષ થતો હોય તો અહીં પણ એમ કહેવું જોઈએ કે, અજ્ઞાનીને નિમિત્તના કારણે, દર્શનમોહના કારણે એવો અશુદ્ધતાના મલિનભાવને શુદ્ધતામાં ખતવે છે, સહિત માને છે એની માન્યતામાં કારણ દર્શનમોહ છે. સમજાણું કાંઈ?

ઉપાય બતાવવો છે ને? ઊંધા પુરુષાર્થથી કરે તેને સવળા પુરુષાર્થથી ટાળી શકે ત્યારે પુરુષાર્થ સિદ્ધિનો ઉપાય કહેવાય ને? એના અધિકારમાં ટાળવાનું ન હોય, કરવાનું અધિકારમાં ન હોય તો ટાળવાનું અધિકારમાં ન રહ્યું. વિકારનું કરવાનું એના અધિકારમાં ન હોય તો પરનો અધિકાર (થાય તો) ટાળવાનું પરના અધિકારે થયું. સમજાણું કાંઈ? ભારે આકરી વાત! કેટલી સરળતામાં વાત મુકી છે, લ્યો!

**'युक्त इव प्रतिभाति बालिशानां'** એ **'प्रतिभासः स खलु भवबीजम्'** એ આગળ મુકશે છેલ્લે. અજ્ઞાનથી, **'પોતાના અજ્ઞાનથી...'** એટલે? શુદ્ધ સ્વરૂપ જ્ઞાનાનંદ તરફ લક્ષ કરતો નથી, પૂર્ણાનંદનો સ્વભાવ તેના ઉપર જોતો નથી, એનો અભાવ કરીને વિકારના પરિણામને અજ્ઞાની પોતાના અજ્ઞાનને કારણે પોતામાં ભાસ કરે છે. એ મારા સ્વરૂપમાં છે એમ ભાસ કરે છે, મારા સ્વરૂપમાં છે એમ ભાસે છે. બસ! એ જ ભાસ તે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? **'આ આત્મા કર્મ વડે કરેલા નાના પ્રકારના ભાવથી સંયુક્ત...'** સહિત, યુક્ત નથી, **'તો પણ અજ્ઞાનીને પોતાના...'** શુદ્ધ સ્વરૂપના અભાનને લઈને, મિથ્યાભાવથી **'આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત જેવો પ્રતિભાસે છે.'** સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'પહેલા આમ કહ્યું કે પુદ્‌ગલકર્મને કારણભૂત રાગાદિભાવ છે,...'** એમ કહ્યું હતું ને પહેલી ગાથાઓમાં? નવા કર્મ બંધાય તેને આત્માના રાગ-દ્વેષ મલિનભાવ તે નિમિત્ત છે. **'રાગાદિભાવોનું કારણ પુદ્‌ગલકર્મ છે.'** અરસ-પરસ. જીવ વિકાર કરે એમાં પુદ્‌ગલકર્મનું નિમિત્ત છે અને કર્મ જે બંધાય તેમાં જીવના રાગ-દ્વેષ આદિ ભાવ તે નિમિત્ત છે. અરસ-પરસ. **'તેથી આ આત્મા નિજ સ્વભાવભાવની અપેક્ષાએ...'** જુઓ! તેથી આ આત્મા નિજ સ્વભાવભાવ, ત્રિકાળ સ્વભાવ શુદ્ધભાવની અપેક્ષાએ **'કર્મજનિત નાના પ્રકારના ભાવોથી જુદો જ ચૈતન્યમાત્ર વસ્તુ છે.'** સમજાણું કાંઈ?

પુદ્‌ગલકર્મને કારણ, જડને બંધાવામાં કારણ નિમિત્ત રાગ-દ્વેષ (છે) અને રાગ-દ્વેષને નિમિત્ત પુદ્‌ગલકર્મ (છે). બે વાત (થઈ). નિમિત્તને આધીન થયેલા કર્મજનિત પ્રકારના ભાવોથી જુદી જ ચૈતન્યમાત્ર વસ્તુ છે. સમજાણું કાંઈ? કેમકે રાગ-દ્વેષના ભાવ નિમિત્તને આધીન થયેલા અને રાગ-દ્વેષના ભાવથી રહિત ચૈતન્યનો સ્વભાવ છે. નિમિત્ત આધીન થયેલા ભાવ સ્વભાવમાં નથી. તેથી આ આત્મા નિજ સ્વભાવભાવની, નિજ સ્વભાવ શુદ્ધ આનંદ ને જ્ઞાન (સ્વરૂપ), જેમાં વિકલ્પનો અવકાશ નથી, (તેને) એવા વિકલ્પ સહિત સ્વીકારવો. આહા..હા..! જુઓને! કેવી શૈલી! અપેક્ષાએ કર્મજનિત પ્રકાર કે ભાવો જે વિકલ્પ છે, એના જનિત કહ્યા હતા, એમ કહે છે. સ્વભાવભાવની અપેક્ષાએ કહ્યું. નિમિત્તને આધીન થયેલા સ્વભાવભાવની અપેક્ષાએ પરથી કરેલા એમ કહેવામાં આવ્યું છે. એવા **'ભાવોથી જુદો જ ચૈતન્યમાત્ર વસ્તુ છે.'** એકલો જ્ઞાન પિંડ પ્રભુ ચૈતન્યનો પુંજ એ તો વિકાર નિમિત્તને આધીન થયેલા વિકાર કૃત્રિમ ક્ષણિક (થાય છે) એટલામાં એ આવ્યો નથી, એનાથી તદ્દન જુદો જ્ઞાયક સ્વભાવ પડ્યો છે. સમજાણું કાંઈ? દિગંબર આચાર્યની કથનની પદ્ધતિ, મૂળ વસ્તુને જાહેર કરવાની રીત... એનો હવે અર્થકાર દાખલો આપે છે.

**'જેમ લાલ ફૂલના નિમિત્તે સ્ફટિક લાલ રંગરૂપે પરિણમે છે...'** એ પોતાની સ્ફટિકની પરિણમવાની લાયકાતથી પરિણમે છે. ફૂલથી પરિણમે તો લાકડું પણ

લાલ રંગે થવું જોઈએ. આ લાકડામાં થાય છે? આ લાકડું રહ્યું, લ્યો! થાય છે એમાં? સ્ફટિક હશે તો આમ થાશે. કેમકે એની પોતાની લાયકાતથી પરિણમે છે. આને આમ સ્ફટિક નીચે મુકો તો ત્યાં લાલ દેખાશે, આમાં નહિ (દેખાય). કેમકે એ સ્ફટિકની પોતાની તે પણે પરિણમવાની લાયકાતથી પરિણમે છે, આને કારણે નહિ. આને કારણે હોય તો આમાં પણ દેખાવું જોઈએ. સમજાણું કાંઈ? **'परिणममानस्य'** ને અહીં સિદ્ધ કરીને કહે છે કે, પોતે પરિણમવાની યોગ્યતાવાળો તે પરિણમે છે, સ્ફટિકમાં પણ એમ છે.

**'પરંતુ તે લાલ રંગ સ્ફટિકનો નિજ ભાવ નથી.'** જે લાલ રંગે પરિણમે છે તે ક્ષણે પણ એ સ્ફટિકના શુદ્ધ સ્વભાવનું એ રૂપ નથી. **'સ્ફટિક સ્વચ્છતારૂપ...'** સ્ફટિક તો સ્વચ્છતારૂપ. સ્ફટિક મોટો 'જામનગર'માં જોયો હતો. ડૉક્ટરે બતાવ્યો હતો. આ ડૉક્ટર છે ને? (સંવત) ૧૯૯૧માં બતાવ્યો હતો, આ 'સમયસાર'ની સોમી ગાથા ચાલતી હતી ને? ત્યાં સંપ્રદાયમાં. બતાવ્યો હતો આવડો મોટો સ્ફટિક. મોટા ડૉક્ટર છે. છ લાખનો એક સોલિરિયમ છે. 'જામનગર'માં એક છ લાખનો સંચો છે. એ તે વખતનો છ લાખનો, હોં! અત્યારે તો બહુ વધી ગયા. સૂરજનો સંચો. રોગીને સૂર્યના કીરણો આપે છે. સંચો આખો ફેરવે, મોટો છ લાખનો એક સંચો. મને ડૉક્ટરે બતાવ્યું હતું. એ સ્ફટિક જુઓ તો ધોળો, સફેદ... સફેદ. સમજાય છે? શું કહે છે?

**'જેમ લાલ ફૂલના નિમિત્તે સ્ફટિક...'** નિમિત્તે, હોં! ઉપાદાન પોતાનું. **'સ્ફટિક લાલ રંગરૂપે થાય છે પરંતુ તે લાલ રંગ સ્ફટિકનો નિજ ભાવ નથી.'** નિજ સ્વભાવ નથી. **'સ્ફટિક સ્વચ્છતારૂપ પોતાના શ્વેત વર્ણથી બિરાજમાન છે.'** ભાષા જુઓ! સ્ફટિક તો પોતાના સ્વચ્છતારૂપ પોતાના ધોળા વર્ણથી ટકી રહેલો છે. બિરાજમાન એટલે શોભી રહેલો છે. **'લાલ રંગ છે તે સ્વરૂપમાં પેઠા સિવાય...'** એ લાલ જે રંગ છે એ સ્વરૂપમાં પેઠા (સિવાય), સ્ફટિકમાં અંદર ગર્યા સિવાય, **'ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે.'** ઉપર ઉપર ઝલક... ઝલક... ઝલક... લાલ લાલ ઉપર ઝલક દેખાય છે. ઝલક સમજો છો? શું કહે છે? ઝલક કહે છે? કપડું હોય ને? લીલું કપડું. લીલા રંગનું હોય. પછી સહેજ આમ પ્રકાશમાં રાખે તો ઝલક લાગે. કપડા હોય છે ને સ્વચ્છ? લાલ હોય, લીલો રંગનો હોય. ઊંચા સાબુથી ધોઈને સાફ કર્યો હોય. આમ તો ધોળું લાગે. બારણામાં પ્રકાશમાં રાખે તો ઝલક લાગે. આ લૂગડું પહેલા લીલું હતું. ઝલકફેર.

એમ સફેદ–સ્વચ્છતા ભગવાન. અહીંયાં તો આત્માની સાથે મેળવશે, હોં! આ તો રંગની સ્વચ્છતા છે, પોતાના સ્વભાવના રંગની, એમાં લાલ રંગની તો ઝલક માત્ર છે. **'ત્યાં રત્નનો પારખુ ઝવેરી...'** એ રત્નનો પારખુ, પારખુ–પરીક્ષક ઝવેરી તો **'એમ જ જાણે છે...'** એક વાત, બસ એટલી. ત્યાં **'રત્નનો પારખુ ઝવેરી તો એમ જ જાણે છે...'** શું એમ જ જાણે છે? કે સ્ફટિક તો સ્ફટિક સ્વચ્છ જ છે, આ તો ઉપરની ઝલક છે એ એમાં પેઠી નથી. સમજાણું કાંઈ?

**'અને અપારખુ (અપરીક્ષક) પુરુષને સત્યરૂપ લાલ મણિની જેમ...'** સાચું જે લાલ મણિ છે, સાચું જે લાલ મણિ છે એમ **'લાલરંગરૂપ જ પ્રતિભાસે છે.'** સત્‌રૂપ જે લાલ મણિની જેમ લાલરંગરૂપ જ પ્રતિભાસે છે. સમજાણું કાંઈ? અપરીક્ષક પુરુષને સત્યરૂપ જે લાલ મણિની જેમ લાલરંગરૂપ લાલ (ભાસે છે). લાલ મણિને જેમ આખું લાલ રૂપ જ લાગે છે. છે તો પેલું સ્વચ્છ પણ આખો લાલ મણિ હોય ને એવું એને ભાસે છે. અપરીક્ષક (છે). એ દૃષ્ટાંત (થયો).

**'તેવી જ રીતે કર્મનિમિત્તથી આત્મા રાગાદિરૂપે પરિણમે છે.'** કર્મના સંગે સ્વચ્છ એવો ભગવાન આત્મા છે છતાં કર્મના લક્ષે, આશ્રયે પુણ્ય-પાપના વિકારીભાવપણે થાય છે. એ રાગાદિ આત્માના નિજભાવ નથી. આહા..હા..! શુભ-અશુભ રાગ, શુભ-અશુભ વિકલ્પ તે આત્માનો ભાવ નથી, ત્રિકાળીભાવ નથી, સ્વભાવભાવ નથી. **'આત્મા પોતાની સ્વચ્છતારૂપ ચૈતન્યગુણમાં બિરાજમાન છે.'** **'આત્મા પોતાની સ્વચ્છતારૂપ..'** જુઓ!

સ્વચ્છતારૂપ ચૈતન્યગુણ, સ્વચ્છતારૂપ ચૈતન્યગુણ, જ્ઞાયકગુણ એમાં આત્મા બિરાજમાન છે. આત્મા તો ચૈતન્યગુણમાં બિરાજમાન છે.

**'રાગદિ છે તે સ્વરૂપમાં પેઠા વિના...'** પેલાનો લાલ રંગ પેઠા વિના. એમ પુણ્ય ને પાપના ભાવ અંતર શુદ્ધ સ્વરૂપમાં પેઠા વિના **'ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે.'** આહા..હા..! શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ શુભાશુભ રાગ, એ ચૈતન્યના શુદ્ધ સ્વરૂપમાં પેઠા નથી. એ તો ઉપર ઉપર ઝલક માત્ર વિકાર દેખાય છે. આના દાખલે તો વાત કરી છે, હવે આમાં કાંઈ ન સમજાય એવી વાત નથી. આહાહા..!

**'ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે. ત્યાં...'** હવે ઉપર ઉપર ઝલક માત્ર દેખાય છે. ચૈતન્ય સ્વભાવ બિરાજમાન શુદ્ધ છે. હવે **'ત્યાં જ્ઞાની સ્વરૂપના પરીક્ષક તો...'** ધર્મી સ્વરૂપના પરીક્ષક તો **'એમ જ જાણે છે.'** એમ જ જાણે છે એટલે શુદ્ધ સ્વરૂપ સ્વચ્છતાથી બિરાજમાન ભગવાન છે. વિકારભાવ તો ઉપર ઝલક માત્ર છે. એના શુદ્ધ સ્વરૂપમાં તેની એકતા થઈ નથી. સમજાણું કાંઈ? રાગાદિ નિજભાવ નથી, ચૈતન્ય ગુણ બિરાજમાન છે તે રાગાદિ સ્વરૂપમાં પેઠા વિના ઉપર ઝલક માત્ર છે એમ જ્ઞાની સ્વરૂપના પરીક્ષક એમ જાણે છે. માથે જે કીધું એમ જ જાણે છે. આહા..હા..! અહીં તો હજી શુભરાગથી આત્માનું કલ્યાણ થાય. શુભ રાગથી સમકિત થાય, ક્ષાયિક સમકિત નહિતર તો ક્ષાયિક સમકિત આગળ ક્યાં જાશે? ક્ષપક શ્રેણી ચડશે... કારણ કે નીચે શુદ્ધઉપયોગ નથી (એમ અજ્ઞાનીઓ કહે છે). આહા..! અહીં તો શુભરાગ ઝલક માત્ર પરની છે, જ્ઞાની શુદ્ધ ચૈતન્ય સ્વભાવે બિરાજમાન તેને ચૈતન્ય જાણે છે. આ રાગને તો પર જાણે છે, એમાં એકમેક જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને અપરીક્ષક જીવોને...'** અજ્ઞાની જીવોને **'સત્યરૂપ આત્મા...'** જુઓ! **'સત્યરૂપ આત્મા પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે.'** પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે. અજ્ઞાનીને તો રાગ સ્વરૂપ જ આત્મા ભાસે છે. **'સત્ય સ્વરૂપ આત્મા પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ...'** એ તો પુદ્‌ગલ કર્મ જેવા છે એવો આત્મા એને ભાસે છે. **'પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે.'** પુદ્‌ગલ કર્મ છે ને? એવો જ જાણે આત્મા છે. રાગ-દ્વેષવાળો આત્મા એમ અજ્ઞાનીને ભાસે છે. કહો, સમજાણું કાંઈ?

લાલ મણિ કીધું હતું ને? દાખલામાં તો લાલ મણિ લીધો હતો ને? બીજો લાલ મણિ લીધો હતો ને? આ તો સ્વચ્છ જ હતો પણ બીજો લાલ મણિ લીધો હતો ને? લાલ મણિની જેમ એમ કહ્યું હતું ને એમાં? એમ લાલ મણિની જેમ આ પુદ્‌ગલ કર્મની પેઠે. સમજાણું કાંઈ? પુદ્‌ગલ કર્મનું જ આ કાર્ય એમ ન માનતા એ પુદ્‌ગલ કર્મ સ્વરૂપ જ આત્મા છે, એમ જ એ માને છે. પુદ્‌ગલ કર્મથી થયેલો વિકાર, એ જ સ્વરૂપે હું છું, એ જ સ્વરૂપે હું છું. સમજાણું કાંઈ? એથી હવે પ્રશ્ન થયો.

સ્ફટિકમાં લાલ રંગ તે પરના નિમિત્તની ઉપાધિ ક્ષણિક ઉપર ઝલકે છે. સ્ફટિક તો સ્વચ્છતા માત્ર બિરાજમાન શોભિત ભિન્ન છે. અપરીક્ષકને તો એ લાલ રંગ સ્વરૂપે લાલ મણિ રંગ સ્વરૂપે આખો સ્ફટિક ભાસે છે. પરીક્ષકને સ્વચ્છતાથી ભિન્ન લાલ રંગ છે એમ ભિન્ન ભાસે છે.

એમ અજ્ઞાનીને આત્માનો સ્વચ્છ ભાવ ન ભાસતા કર્મના નિમિત્તે થતો ઉપાધિભાવ એ કર્મરૂપ જ આત્માને ભાસે છે. એ કર્મરૂપ એટલે વિકારરૂપ જ આત્મા ભાસે છે. પરીક્ષકને તેની ઉપર ઝલક રહે છે, સ્વરૂપમાં પેઠી નથી, શુદ્ધ સ્વચ્છમાન ચૈતન્યમાં એ રાગ અડેલો જ નથી એમ પરીક્ષક નામ જ્ઞાનીને ભિન્ન ભાસે છે.

ત્યારે એક પ્રશ્ન થયો, મહારાજ! **'તમે જ રાગાદિભાવને જીવકૃત કહ્યા હતા. અહીં તેને કર્મકૃત કેવી રીતે કહો છો?'** પહેલા તમે ૧૨મામાં જીવકૃત કહ્યા, વળી અહીં કર્મકૃત કહ્યા. સમજાણું? આવ્યું હતું ને? ૧૨મામાં જીવકૃત કહ્યું, આ ૧૪ ગાથામાં કર્મકૃત કહ્યું. હજી ગાથા એક ગઈ ત્યાં શું થયું તમારું આ? એની વ્યાખ્યા કરશે.



# શ્રી સ્વાનુભૂતિદર્શન, પ્રશ્ન ૩૭૪ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૪૧૮ (તા.૩-૬-૧૯૯૭)

'સ્વાનુભૂતિદર્શન' પાનું ૨૦૮, પ્રશ્ન ૩૭૪.

**'અંતર્મુખનો જ્યારે પ્રયોગ કરીએ ત્યારે દીવો સર્વ વસ્તુને પ્રકાશે છે તેવી રીતે પ્રયોગ કરવો ઠીક છે કે દર્પણમાં જેમ પ્રતિબિંબિત થાય છે તે રીતે આત્મામાં પ્રયોગ કરવો ?'**

પ્રશ્ન કરનારે બે દૃષ્ટાંત લીધા છે. આત્મસ્વરૂપને સમજાવવા માટે અનેક દૃષ્ટાંતો શાસ્ત્રમાં આવે છે. સમુદ્રનો દૃષ્ટાંત આવે, દર્પણનો આવે, દીવાનો આવે, કમળનો આવે, અગ્નિનો આવે, સૂર્યનો આવે, ચંદ્રનો આવે. અનેક દૃષ્ટાંતો આવે છે. બે દૃષ્ટાંત પકડીને પ્રશ્ન પૂછ્યો છે કે **'દીવો સર્વ વસ્તુને પ્રકાશે છે...'** એમ આત્મા બધાને જાણે છે એમ લેવું કે દર્પણમાં જેમ બીજા પદાર્થો પ્રતિબિંબત થાય છે એમ પોતાના જ્ઞાનમાં બીજા જ્ઞેયો પ્રતિબિંબિત થાય છે એમ લેવું ? કેવા પ્રકારે અંતર્મુખનો પ્રયોગ કરવો ? આ પ્રકારે કરવો કે આ પ્રકારે કરવો ? ખરેખર પ્રશ્ન કેવો કરવો જોઈએ કે કેવી રીતે કરવો ? પ્રકાર પણ પોતે પકડ્યો છે. એમ નહિ (હોવું જોઈએ).

**સમાધાન :- 'અંદર પ્રયોગ કરવામાં, હું કેવી રીતે જાણું છું એવી જાતનો પ્રયોગ કરવા કરતાં, પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવું અર્થાત્ જ્ઞાયક તરફની દૃષ્ટિ કરવી તે જ પ્રયોગ છે.'** શું કહ્યું ? પ્રશ્નકારે પ્રશ્ન કરવામાં તો ભૂલ કરી છે. અમારે આમ પ્રયોગ કરવો કે આમ પ્રયોગ કરવો ? તું જે રીતે પ્રયોગ કરે છે એ રીતે તો પ્રયોગ નથી કરવાનો. મૂળ વાત એમ છે. કેમકે સર્વ વસ્તુને જાણે છે એમાં પણ બીજી વસ્તુને વચ્ચે લીધી. અંતર્મુખ થવામાં બીજી વસ્તુને વચ્ચે ન લવાય.

અંતર્મુખ થવામાં પોતાના મૂળ અંતઃતત્ત્વસ્વરૂપ આત્માને મુખ્ય કરવાનો છે, એને ગ્રહણ કરવાનો છે એના બદલે સર્વ વસ્તુને હું જાણું છું એ વચ્ચે તો લાવે તો એ સર્વ વસ્તુને જાણવામાં જ્ઞાન ગયું એમાં અંતર્મુખ ક્યાંથી થાય ? એટલે એ પ્રયોગ ઊલટો છે, બરાબર નથી. દર્પણમાં જેમ બીજા પદાર્થો પ્રતિબિંબિત થાય છે એમાં પણ બીજા ઉપર અને બીજા પદાર્થના પ્રતિબિંબની વાત લીધી તો એમાં બીજાને વચ્ચે લાવ્યા. તો અંતર્મુખ ક્યાંથી થાય ? કે ન થાય. માટે હું કેવી રીતે બીજા પદાર્થને જાણું છું એ જાતનો પ્રયોગ કરવા કરતા એટલે કે એવો પ્રયોગ નહિ કરતા, એમ નહિ કરતા પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવું. પોતાની સત્તાનું ગ્રહણ કરવું. અસ્તિત્વ ગ્રહણ કરવું એટલે સત્તાનું ગ્રહણ કરવું. પોતાની હયાતી, પોતાની મોજૂદગી એને ગ્રહણ કરવી.

એટલે કે **'જ્ઞાયક તરફની દૃષ્ટિ કરવી તે જ પ્રયોગ છે.'** એટલે પોતાના સ્વરૂપ તરફ દૃષ્ટિ કરવી. દૃષ્ટિ કરવી એનો અર્થ અહીંયાં પોતાના સ્વરૂપને જાણવાનો પ્રયોજનભૂત દૃષ્ટિકોણ ઉત્પન્ન કરવો, એમ કહેવા માગે છે. પોતાના સ્વરૂપને જાણવાનું જેનું પ્રયોજન છે એવો દૃષ્ટિકોણ સાધ્ય કરવો એમ અંતર્મુખ થવાનો પ્રયોગ કરવો.

હવે અસ્તિત્વ ગ્રહણ કરવું એને જરા આપણે ખોલીએ. અરૂપી અસ્તિત્વ છે. કેવું છે આત્માનું સ્વરૂપ ? અરૂપી હયાતિ ધરાવે છે. એટલે એ દેખાવાનું નથી. પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મન દ્વારા જે જ્ઞાન પ્રવૃત્તિ કરે છે એ બહિર્ભાવે, બહિર્મુખ થઈને પ્રવૃત્તિ કરે છે. એટલે બહિર્મુખ ઉપયોગ છે એ આ બાજુ છે, બીજા

તરફ છે અને આત્મા અંતઃતત્ત્વસ્વરૂપ છે એમાં ઉપયોગ અંતર્મુખ આ બાજુ કરવાનો છે–સ્વસન્મુખ ઉપયોગ કરવાનો છે. સ્વસન્મુખ ઉપયોગ કરવામાં જ્ઞાન પોતાને વેદે છે, જ્ઞાન પોતાનો અનુભવ કરે છે. એટલે અનુભવ કરનાર જ્ઞાન છે અને અનુભવાનાર પણ જ્ઞાન છે. જ્ઞાનનો એક જ પર્યાય એમાં આત્મા પોતાના જ્ઞાનનો અનુભવ કરે છે અને એ આત્માને પોતાને જ્ઞાન અનુભવમાં આવવા યોગ્ય હોવાથી અનુભવમાં આવે છે.

'સમયસાર'ની ૨૦૬ ગાથા લઈએ તો 'એટલો જ સત્ય આત્મા છે.' સત્ય એટલે જેનું વિશેષણ વિશેષતા સત્તા છે તે. સત્યનો અર્થ એ. જે સત્તા ધરાવે છે તે સત્ય છે. એટલો જ સત્ય આત્મા છે, એટલું જ આત્માનું અસ્તિત્વ છે જેટલું આ જ્ઞાન છે. અને એટલો જ સત્ય આત્મા અનુભવને યોગ્ય છે, અનુભવ કરવા યોગ્ય છે, અનુભવનીય છે જેટલું આ જ્ઞાન છે. જે વેદનરૂપ જ્ઞાન છે એ પોતે જ વેદ્યવેદકભાવે છે. વેદક પણ પોતે અને વેદ્ય પણ પોતે. જ્યારે વેદ્યવેદકભાવે જ્ઞાન અનુભવગોચર થાય, જ્ઞાન પોતે જ પોતામાં જ્ઞાનગોચર થાય ત્યારે એને સ્વસન્મુખતામાં પોતાની સત્તાનું ગ્રહણ થાય. આ સ્વસન્મુખનો પ્રયોગ છે અર્થાત્ આ અંતર્મુખતાનો પ્રયોગ છે. એમાં વચ્ચે બીજા જ્ઞેયને કે બીજા પદાર્થને જાણવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– એટલે જ્ઞાન જ્ઞાનને વેદે એ અસ્તિત્વગ્રહણ થયું ?

પૂજ્ય ભાઈશ્રી :– એ અસ્તિત્વ ગ્રહણ થયું. હવે અહીંયાં એક તર્ક થાય. તર્ક એવો થાય કે સ્વ-પરપ્રકાશક હોવાથી, જ્ઞાન સ્વપરપ્રકાશ હોવાથી અન્ય જ્ઞેયોનું જ્ઞાનમાં પ્રતિબિંબ આવવું તે અનિવાર્ય છે, એનું શું કરવું ? જ્ઞાનની સામે જે જ્ઞેય આવશે એનું પ્રતિબિંબ પડશે. જેમ અરીસાની સામે જે પદાર્થ આવે એનું પ્રતિબિંબ અરીસામાં પડે. એ જડ દર્પણ છે. આ આત્મા ચૈતન્યદર્પણ છે. એનું શું કરવું ? અનિવાર્યપણે બીજા પદાર્થો જણાય એનું શું કરવું ? આ સમસ્યા અહીંયાં સામે આવે છે. તો કહે છે, ગૌણ કર. અને તું ગૌણ કરે છો. રસ્તે ચાલતા ઘણો ટ્રાફિક આવે. તારે જવું છે એ જ તું જોવે છે કે તું ટ્રાફિકને જોવા રોકાય છે ? સામે મોટર આવે અને એની નંબરપ્લેટ હોય તો એ વાંચવા ઊભો રહે ? કેટલાની વાંચે ? કેટલીક વાંચે ?

મુમુક્ષુ :– પ્રયોજન ન હોય તો એટલું પણ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :– મારે કાંઈ પ્રયોજન નથી. મારે તો આગળ મારા રસ્તે ચાલવું છે એમાં સામે કોણ આવે છે એ જાણવા છતાં નહિ જાણવા બરાબર કરે છે. એના અવાજો સાંભળવા છતાં સાંભળ્યું નહિ સાંભળ્યું કરે છે. કરે છે કે નથી કરતો ? કઈ મોટરે કેવું હોર્ન માર્યું એનો વિચાર કરવા ઊભો રહે છે ? કાંઈ નહિ. સંભળાય છે પણ ગૌણ કરી નાખે છે. ગૌણ કરતા આવડે છે. એટલે ભલે બીજા પદાર્થો તારા જ્ઞાનમાં પ્રતિભાસે પણ એને તું ગૌણ કરજે અને તે જે તારું જ્ઞાન અનુભવાય રહ્યું છે એ જ્ઞાનાનુભવને મુખ્ય કરજે. એનું નામ સામાન્યનો આર્વિભાવ અને વિશેષનો તિરોભાવ. પંદરમી ગાથા 'સમયસાર'ની એમ કહે છે. અને એ વિધિ છે. અંતર્મુખ થવાની એ વિધિ છે. બાર અંગનો સાર આ છે અથવા બાર અંગનું રહસ્ય પણ આ છે.

ગણધરદેવે ભગવાનની વાણી સાંભળ્યા પછી બાર અંગની રચના કરી. એટલે શું ? કે ભગવાનની વાણીમાં તો ઘણો વિષય આવ્યો હતો. એમાંથી Maximum grasping જેણે કર્યું એ ગણધરદેવ. બીજાની તાકાત નથી કે એટલું Grasping થાય. અને એની રચના થઈ. એનું બહારની અંદર એમણે પ્રકાશન કર્યું બાર અંગ દ્વારા. કેવળજ્ઞાનમાં કેવળજ્ઞાની અર્હંત પરમાત્મા તીર્થંકર સર્વજ્ઞ જેટલું જાણે છે એનાથી અનંતમાં ભાગે દિવ્યધ્વનિમાં આવે છે. જેટલું દિવ્યધ્વનિમાં આવે છે એનાથી અનંતમાં ભાગે ગણધરદેવ બાર અંગની રચના કરે છે એટલું એમના ઉઘાડમાં આવે છે. છદ્મસ્થ છે ને ? એટલે એમનો ઉઘાડ મર્યાદિત છે. પણ એ એમણે Maximum expose કર્યું છે. એથી વધારે કોઈ ન સમજી શકે. ગણધરદેવ સર્વથી વધારે સમજે છે. એ બારે અંગનો કોઈ રહસ્યભૂત વિષય હોય તો આત્માએ કેવી રીતે અંતર્મુખ થવું એટલો છે. આ રહસ્ય પ્રયોગાત્મકપણે; કારણ કે પરિણમનનો વિષય છે, આ

રહસ્ય જેણે ઉકેલ્યું એ ન્યાલ થઈ ગયો. અનંતકાળમાં આ રહસ્યનો ઉકેલ નથી આવ્યો. બારે અંગનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોઈ વિષય હોય તો આ છે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! અહીંયાં જે મુખ્યતા અને ગૌણતા કરવાની વાત આવે છે એમાં મુખ્યતા કરવામાં પણ તારતમ્યતા હોય છે જેના પર વેદન આધારિત હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. અત્યંત ગૌણ કરો અને અત્યંત મુખ્ય કરો, બહુબહુ તો એમ. અત્યંત ગૌણ થતાં, પરજ્ઞેયો અત્યંતગૌણ થતાં એ જ્ઞેયોનો વિચ્છેદ થાય છે અને જ્ઞાનનો ઉપયોગ નિર્વિકલ્પ થાય છે. સવિકલ્પ દશામાં પણ પરજ્ઞેયો ગૌણ થાય છે છતાં સવિકલ્પતા રહે છે અને પરિણતિ નિર્વિકલ્પ રહે છે.

મુમુક્ષુ :– એટલે આ તારતમ્યતાનો ભેદ થઈ ગયો ને ?

પૂજ્ય ભાઈશ્રી :– એમ બે ભેદ એટલો પાડી શકાય, વધુમાં વધુ બે પ્રકાર–જ્ઞાનનું સવિકલ્પ પરિણમન અને નિર્વિકલ્પ જ્ઞાનનું પરિણમન, એમ. એટલે જ્યાં નિર્વિકલ્પ થયો ત્યાં એણે જ્ઞેયાકાર જ્ઞાનનો સર્વથા વિચ્છેદ કર્યો. 'અમૃતચંદ્રાચાર્યે' (સમયસારની) પંદરમી ગાથામાં છેલ્લે છેલ્લે 'જ્ઞેયાકાર જ્ઞાનનો સર્વથા વિચ્છેદ કરીને' એવો શબ્દ વાપર્યો છે. કેમકે આખો આત્મા જ્ઞાનનો પીંડ છે, પ્રદેશે પ્રદેશે જ્ઞાનનો પીંડ છે. જેમ મીઠાનો ગાંગડો ચારે બાજુથી ચાખો એટલે ખારો... ખારો... ખારો... એનો એક-એક કણ ખારો છે. મીઠાના ગાંગડાનો એક કણ લ્યો તો પણ ગમે ત્યાંથી લ્યો તો ખારો છે. એમ આ જ્ઞાનનો ગાંગડો છે એ ગમે ત્યાંથી જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન જ એમાં છે, જ્ઞાન જ ભરેલું છે. એટલે જ્ઞેયાકારોનો વિચ્છેદ કરીને જ્ઞાન ત્યાં જ્ઞાનાકારે થાય છે. અને જ્ઞાનાકારે જ્ઞાન થાય એવો જે પુરુષાર્થ એને નિશ્ચયથી જ્ઞાનાભ્યાસ કહે છે. અને એવું કહેનાર વચનોનો અભ્યાસ થાય છે, જે શાસ્ત્ર છે, એવું કહેનાર શાસ્ત્રવચનો છે, જે અનુભવી પુરુષોએ લખેલા છે, એને વ્યવહારજ્ઞાનાભ્યાસ કહે છે. એ શાસ્ત્રનો અભ્યાસ તે વ્યવહાર જ્ઞાનાભ્યાસ અને પોતાના જ્ઞાનસ્વરૂપનો એકાકાર અનુભવ, જ્ઞાનાકારે અનુભવ એને નિશ્ચય જ્ઞાનાભ્યાસ કહેવામાં આવે છે. એવો નિશ્ચય જ્ઞાનાભ્યાસ કરવાની ભગવાનની, સર્વજ્ઞદેવની આજ્ઞા છે એમ લેવું.

પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવું એમાં આ વાત છે. વેદનથી જ હયાતી માલૂમ પડે. જ્ઞાનવેદન વિના પોતાની હયાતી માલૂમ પડે નહિ. બીજી રીતે હયાતી જણાય નહિ. હયાતી જ્ઞાનવેદનથી જણાય. એટલે કે જ્ઞાયક તરફ દૃષ્ટિ કરવી. એટલે જ્ઞાયકસ્વરૂપને ગ્રહણ કરવાનો દૃષ્ટિકોણ કરવો તે જ પ્રયોગ છે.

**'હું દીવા જેવો છું કે અરીસા જેવો છું તેમ વિચારવું તે પ્રયોગ નથી.'** જુઓ ! ચોખ્ખી ના પાડી. એ પ્રયોગ જ નથી. કેમકે દીવો બીજા પદાર્થોને, સર્વ પદાર્થોને, સર્વવસ્તુને પ્રકાશે છે અને દર્પણ બીજા પદાર્થનું પ્રતિબિંબ ઝીલે છે. એ એટલા માટે પ્રયોગ નથી કે એમાં વચ્ચે બીજા આવ્યા. અહીંયાં વચ્ચે બીજા આવે એને કાઢવાની વાત છે. બીજાને વચ્ચે લાવવાની વાત નથી, એને કાઢવાની વાત છે. માટે એ પ્રયોગ જ નથી.

ખરેખર પ્રશ્નકારે પોતાની વાતને Confirm કરાવવાનો પ્રશ્ન નહિ કરવો જોઈએ. આમ હોયને, તેમ હોયને એમ નહિ. એનો અર્થ કે તમે મારી વાત Confirm કરો. એ પ્રશ્ન કરવાની એ રીત જિજ્ઞાસાવાળી નથી. એમાં તો હું આ સમજું છું એ મારું બરાબર છે કે નહિ એને Confirmation લેવું છે, અને Confirmative question છે. એ પ્રશ્ન કરવાની પદ્ધતિ બરાબર નથી. મારી આ જિજ્ઞાસા છે અને મને એ જિજ્ઞાસા સમજાવો, મારી જિજ્ઞાસાને સમજાવવા માટે ખુલાસો કરો. એમ પ્રશ્નકારે જિજ્ઞાસામાં ઊભું રહેવું. પોતાની સમજણના Confirmation માં નહિ રહેવું.

મુમુક્ષુ :– જ્ઞાની પકડી લે કે આ જે તમે વાત કરી એ આ રીતે કરવું, પ્રયોગ આમ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :– હું આમ પ્રયોગ કરું છું બરાબર છે કે નથી બરાબર ? એમ કહેવું પડે. શું કીધું ?

**'હું દીવા જેવો છું કે અરીસા જેવો છું તેમ વિચારવું એ પ્રયોગ નથી, એ તો જાણવાની એક રીત**

**છે.'** પરસન્મુખ થઈને જાણવાની રીત છે અને અંતર્મુખ થવામાં તો સ્વસન્મુખ થવાનું છે. એવી રીતે અહીંયાં કામ નહિ આવે. જેને અંતર્મુખ થવાની રીત કે વિધિ ન સમજાણી હોય, પ્રયોગાત્મકપણે, હોં ! વિચારાત્મકપણે નહિ, પ્રયોગાત્મકપણે ન સમજાણી હોય તે જીવ ધ્યાન કરવાનો અધિકારી નથી. કેમકે એ કેવી રીતે ધ્યાન કરશે ? અંતર્મુખ કરવાનું તે જાણતો નથી. એ ધ્યાન કરશે કેવી રીતે ? અને એ ધ્યાનને સમજી પણ નહિ શકે. એ આત્માના અંતર્મુખી ધ્યાનને સમજી પણ નહિ શકે.

જિનેન્દ્રદર્શન, જે જિનમંદિરમાં કરવામાં આવે છે એમાં એમના અંતર્મુખી ધ્યાનને જોવાનો અવસર, પ્રસંગ છે ત્યાં. પણ અંતર્મુખતા સમજે તો એને જોઈ શકે ને ! એ જ ખબર ન હોય તો શું થાય ? રૂઢિગતપણે જય નારાયણ કરીને નીકળી જાય. બીજું કાંઈ ખબર ન પડે. માથું ફોડીને પાછા નીકળે બહાર. એમાં કાંઈ વળે નહિ, જરાય ન વળે.

મુમુક્ષુ :– એ બધું ઓઘે ઓઘે છે.

પૂજ્ય ભાઈશ્રી :– સાવ ઓઘે ઓઘે ચાલે છે.

'જિન સો હી આત્મા'. જેવા જિનેન્દ્ર છે એવો જ આત્મા છે. તો તે જિનેન્દ્રદર્શનમાં સ્વરૂપદર્શન છે. સ્વરૂપ પોતાને જણાવું જોઈએ. કેવું સ્વરૂપ છે ? કે પરિપૂર્ણ અંતર્મુખી જેનો સ્વભાવ છે એવું સ્વરૂપ છે. અને જિનેન્દ્ર પરમાત્માએ એ Expose કર્યો છે. કેમ કે એમને નિરવશેષ અંતર્મુખ ધ્યાન વર્તે છે. એટલે ત્યાંથી એ સમજાય છે. પણ એ દૃષ્ટિકોણ સાધ્ય કર્યો હોય તેને, બધાને ન સમજાય.

મુમુક્ષુ :– જિનેન્દ્ર ભગવાને એ Expose કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. Fully, Fully expose કર્યો છે. એટલે નિરવશેષ અંતર્મુખ ધ્યાન વર્તે છે. સાધકને અંશતઃ અંતર્મુખ ધ્યાન છે, પરિપૂર્ણ નથી. અને કેવળી ભગવાનને તો જેવો અંતર્મુખી પરિપૂર્ણ સ્વભાવ છે એટલો પૂરેપૂરો સ્વભાવ પ્રગટ થયેલો છે, એમણે સ્વભાવ પૂરો પ્રગટ કર્યો છે. એમ વાત છે. એ જોવાનો ત્યાં પ્રસંગ છે. એ પ્રસંગનો કદી પણ વિરોધ કે નિષેધ ન કરાય.

સ્થાનકવાસીઓએ નિષેધ કર્યો તો 'કૃપાળુદેવે' બહુ કડક શબ્દોમાં એનો પ્રહાર કર્યો છે. આમ તો 'કૃપાળુદેવ' બહુ મૃદુભાષી હતા, મધુરભાષી હતા પણ સ્થાનકવાસી ઉપર જરાક ગરમ થઈને વાત કરી છે કે આ સંપ્રદાયને નીકળ્યા પાંચસો વર્ષ થયા. કેટલા ? પાંચસો વર્ષ. પાંચસો વર્ષમાં એકેય બુદ્ધિવાળો કોઈ પાક્યો નહિ. એમ લખ્યું છે કે જેણે આગમની રચના કરી હોય. સંપ્રદાયમાં પોતાના સ્વતંત્ર આગમ નથી. દેરાવાસીના ૪૫માંથી ૩૩ લીધા એમણે કે આ અમારા ૩૩, બાકીનાને અમે માનતા નથી.

મુમુક્ષુ :– ૪૫ માંથી ૩૩ લીધા.

પૂજ્ય ભાઈશ્રી :– ૩૩ લીધા. એટલે એને પાછી ભગવાનની વાણી તરીકે સ્વીકારી. ભગવાનની વાણીના ટુકડા કર્યા કે આટલી માન્ય અને આટલી અમાન્ય. એ તો મોટી સ્થુળ ભૂલ ઇ થઈ છે.

ધ્યાનનું કારણ એવી જે જિનપ્રતિમા. શું લખ્યું ? ધ્યાનનું કારણ એવી જે જિનપ્રતિમા એનો નિષેધ કર્યો છે એ બિલકુલ કરવા યોગ્ય નથી. બહુ સાફ શબ્દોમાં લખ્યું છે. અને એટલા માટે હું આ વિષયની સ્પષ્ટતા કરું છું કે હું પણ આ સંપ્રદાયમાં ગણાયો છું. જન્મ થયો, કુળધર્મ.

મુમુક્ષુ :– એ સ્થાનકવાસી હતા ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમના માતુશ્રી સ્થાનકવાસી હતા. માટે સ્પષ્ટતા કરી કે મારો અભિપ્રાય સંમત નથી. એ લોકોની સાથે આમાં મારો અભિપ્રાય સંમત નથી. કેમકે સ્થાપના નિક્ષેપ છે. એ નયજ્ઞાનનો વિષય છે. નયનો વિષય તે નિક્ષેપ. નયનો વિષય તે નિક્ષેપ. અને નય સમ્યગ્જ્ઞાનીઓને હોય છે. સમ્યક્ શ્રુતપ્રમાણના અંશને નય કહે છે. એમાં સમ્યગ્જ્ઞાનનો નિષેધ થઈ ગયો. નિક્ષેપનો નિષેધ કર્યો તો સમ્યગ્જ્ઞાનનો નિષેધ થયો. સમ્યગ્જ્ઞાનનો નિષેધ કરો તો આત્માના સ્વભાવનો અને આત્માના સ્વરૂપનો નિષેધ થયો. પોતાની જ વિરાધના થઈ. આમ થાય. બહુ કડક શબ્દોમાં એની આલોચના કરી.

**'હું દીવા જેવો છું કે અરીસા જેવો છું તેમ વિચારવું એ પ્રયોગ નથી, એ તો જાણવાની એક રીત**

**છે. હું કેવી રીતે જાણું છું ? દીવાની જેમ જાણું છું કે અરીસાની જેમ જાણું છું ? તે જાણવાની વાત છે.'** એટલે પરને જાણવાની વાત છે. એમાં આત્માને જાણવાની વાત ક્યાંય આવતી નથી. **'જાણવાની પરિણતિ જેમ થાય છે તેમ થાય છે,..'** એ તો જેમ થાય છે તેમ થાય છે. **'પોતે પોતાના જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરવું તે પ્રયોગ કરવાનો છે.'** વેદન દ્વારા અસ્તિત્વ ગ્રહણ કરવું તે પ્રયોગ છે. જાણવાની વાત આમાં નથી, અસ્તિત્વ ગ્રહણ કરવાની વાત છે.

જાણવું એક વાત છે, ગ્રહણ કરવું એક બીજી વાત છે. બે વાત એક નથી. એ કેવી રીતે ? કે આ શરીર મારું છે, એમાં શરીરને જાણ્યું કે શરીરને ગ્રહણ કર્યું ? કે મારાપણે ગ્રહણ કર્યું. પરને પર તરીકે જાણે પણ ગ્રહણ નથી કરતો. અને સ્વને સ્વપણે જાણતા જીવ સ્વને ગ્રહણ કરે છે. એમ સમ્યગ્જ્ઞાનની પ્રવૃત્તિ છે. પરને પર તરીકે જાણવું તે સમ્યક્ છે. સ્વને સ્વપણે જાણતા સ્વરૂપનું ગ્રહણ થાય તે સમ્યક્ છે. સમ્યક્ત્વના Article માં આ બધું લીધું છે. ઘણા પડખેથી સમ્યક્ત્વ ઉપર પ્રકાશ પાડ્યો છે. સમ્યકત્વ બહુ સૂક્ષ્મ છે. સમ્યક્ત્વમ્ અતિસૂક્ષ્મ. 'પંચાધ્યાયી'નો શ્લોક મૂક્યો છે. **सम्यक्त्वं अतिसूक्ष्म्।**

મુમુક્ષુ :– પહેલા Article માં ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, પહેલા અડધો આવ્યો ને. અડધો બાકી છે એ બીજામાં આવશે.

**'પોતે પ્રયોગ કરવાનો છે કે હું આ ચૈતન્ય છું.'** આ એટલે પ્રત્યક્ષ. હું આ પ્રત્યક્ષ પ્રગટપણે ચૈતન્ય છું એમ પરિણમનમાં પોતાને ગ્રહણ કરીને પ્રયોગ કરવાનો છે. **'અને આ વિભાવ તે હું નથી.'** એનો નિષેધ કરવાનો છે. વિભાવ જણાશે તને, રાગ થયો તે જણાશે, વિકલ્પ થયો તે જણાશે પણ એનો નિષેધ કરવાનો છે, હું એવો નથી, હું એવો નથી.

**'આ વિભાવ પરિણતિ મારો સ્વભાવ નથી,...'** એ મારું સ્વરૂપ નથી. **'હું વિભાવસ્વરૂપ નથી. પણ હું એક જ્ઞાયક છું તેમ અસ્તિત્વ-ગ્રહણનો પ્રયોગ કરવો.'** એ પ્રયોગ પ્રથમ સફળ થાય ત્યારે ભાવભાસન થાય છે અને ત્યારથી જીવ સ્વરૂપસન્મુખ થઈને પરિણમતો થાય છે અને એ અભ્યાસના ફળસ્વરૂપે એને નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં પરમાર્થ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે.

**'આ વિભાવ પરિણતિ મારો સ્વભાવ નથી, હું વિભાવ સ્વરૂપ નથી પણ હું એક જ્ઞાયક છું..'** જ્ઞાયક છું એટલે જાણનાર છું પણ પરને જાણનાર છું એમ અહીંયાં મુખ્ય કરવું નથી. એટલે ૧૭-૧૮ ગાથામાં આત્મા અનુભૂતિસ્વરૂપ લીધો છે. આ અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ-ગોપાળને નિરંતર અનુભવમાં, સદાય અનુભવમાં આવી રહ્યો છે.

જે જ્ઞાનની પર્યાય છે ને? એના મુખ્ય બે ધર્મ છે. ગૌણપણે તો અનેક ધર્મ છે. એ આપણે 'તત્ત્વાનુશીલન'માં જ્ઞાનના પ્રકરણમાં લીધા છે. ૪૫ ધર્મો લીધા છે. આ ફોડ પાડીને જે વાત કરવા જેવી છે એ આટલી છે કે જ્ઞાનના મુખ્ય બે ધર્મો. ધર્મો કહો કે કાર્યો કહો. એ કાર્યની અંદર જે જાણવું થાય છે એ અસ્તિત્વ ગ્રહણ કરવામાં મુખ્ય નથી કરવાનું, પણ વેદવું થાય છે, જ્ઞાનમાં અનુભવ થાય છે એને મુખ્ય કરવાનું છે, તો અસ્તિત્વ ગ્રહણ થાય, તો અંતર્મુખતા થાય, સ્વરૂપસન્મુખતા થાય, નહિતર ન થાય.

મુમુક્ષુ :– વેદવું થાય છે, અનુભવવું થાય છે એ કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :– તમને કેરીનું ગળપણ અનુભવથી સમજાણું કે જાણવાથી સમજાણું ?

મુમુક્ષુ :– અનુભવથી.

પૂજ્ય ભાઈશ્રી :– તો તમે અનુભવ કેવી રીતે કર્યો ? તમે અનુભવ તો કરો જ છો. ઠંડીનો અનુભવ થાય છે, ઉનાળો હોય તો ગરમીનો અનુભવ થાય છે, અનેક પ્રકારના સ્વાદનો અનુભવ થાય છે. તો અનુભવ તો તમે કરો જ છો.

મુમુક્ષુ :– એ તો ઈન્દ્રિયો દ્વારા (થાય છે).

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર. કબુલ. પણ અનુભવ તો કરો છો. હવે એ શું છે ? હવે અતીન્દ્રિય ઉપર આપણે આવીએ કે એ પ્રકારના અનેક પ્રકારના અનુભવો તે અનુભવવિશેષ છે. એના ઉપરથી અનુભવ

સામાન્યને પકડો. Common factor. વિશેષને ગૌણ કરીને સામાન્યને પકડો. ગણિતમાં લઘુત્તમ-સામાન્ય નથી આવતું? ૩, ૬, ૯, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૪, ૨૭ અને ૩૦ એમાં લઘુત્તમ સામાન્ય ૩ છે. બરાબર ? તો બધા આકડાને બાદ કરીને તમે ૩ ને પકડ્યો કે ન પકડ્યો ? એમ તમે બધા અનુભવોમાંથી અનુભવવિશેષોને બાદ કરીને અનુભવ સામાન્યને પકડો એટલે તમને અનુભવ શું છે એ સમજાશે. કેમ કે અનુભવનો વિષય અનુભવથી સમજાય. અનુભવનો વિષય વિચારથી ન સમજાય. અનુભવનો વિષય અનુભવથી સમજાય. અનુભવનો વિષય વિચારથી ન સમજાય. એટલે અનુભવને સમજવા માટે વિચારને દોડાવવા એ સાચી પદ્ધતિ નથી. અનુભવને સમજવા માટે તમારે અનુભવને જ સમજવો. અનુભવપદ્ધતિએ અનુભવને સમજવો પડશે. એ એક જ એની સાચી રીત છે.

એટલે જ્ઞાનીઓએ કહ્યું કે જો ભાઈ ! તું અનુભવ તો કરી જ રહ્યો છો. પણ એ બધો ઈન્દ્રિયજ્ઞાન દ્વારા પરપદાર્થનો અનુભવ કરી રહ્યો છો એ તારો અધ્યાસ છે. અધ્યાસ એટલે મિથ્યાજ્ઞાન અથવા આભાસ. વસ્તુતાએ કોઈ પરપદાર્થનો અનુભવ કોઈ કરી શકતો નથી. આ વસ્તુસ્થિતિ છે. જે જ્ઞાન અનુભવ કરી રહ્યું છે તે પોતાના જ્ઞાનનો જ અનુભવ કરી રહ્યું છે. નિરંતર આબાળગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવી રહ્યો છે. પરંતુ... એમ છે. પરના એકત્વના અધ્યાસને લીધે એ વાત સમજમાં આવતી નથી, પકડવામાં આવતી નથી કે માલુમ પડતી નથી. એટલે એ કોયડો થયો. એ કોયડો ઊભો રહ્યો.

એટલે જ એમ કીધું કે તું પરપદાર્થ પ્રત્યેના પરિણામમાં તને રસ આવે છે એ રસને ઠંડો પાડ. કેમ કે એમાં અધ્યાસ બહુ જ પ્રગાઢ થાય છે. એ અધ્યાસને તું પાતળો પાડ, રસને ફીક્કો કર. મુમુક્ષુની ભૂમિકામાં વૈરાગ્ય શા માટે લીધો ? શેના માટે લીધો છે ? અને તો જ જ્ઞાન જ્ઞાનવેદનને ગ્રહણ કરવા માટે સક્ષમ થાય, યોગ્ય થાય, નહિતર ન થાય.

**'હું કેવી રીતે જાણું છું તે જાણવું તે કાંઈ પ્રયોગ કરવાની વસ્તુ નથી,...'** એમ પ્રયોગ કરવાનો છે જ નહિ. ચોખ્ખી વાત છે. કેમકે અહીંયા અનુભવ કરવાની વાત છે. જાણવાની વાત વચ્ચે ક્યાંથી લાવ્યો તું ? એ વાત મૂકી દે, એમ કહે છે.

મુમુક્ષુ :– ખોટો માર્ગ.

પૂજ્ય ભાઈશ્રી :– એ ખોટો ઉપાય છે. **'તે કાંઈ પ્રયોગ કરવાની વસ્તુ નથી, જાણવાની વસ્તુ છે.'** પ્રયોગ તો અનુભવનો છે. અંતર્મુખ પ્રયોગ તો અનુભવનો પ્રયોગ છે. આ તો જાણવાની વસ્તુ થઈ. **'પ્રયોગ તો હું એક જ્ઞાયક છું તે કરવાનો છે.'** એટલે એનો અનુભવ કરવાનો પ્રયોગ કરવાનો છે.

એક પ્રશ્ન આપણે ઉઠાવીએ કે સ્વાનુભવ છે, પોતાનો જે અનુભવ છે એ કેમ કરતા કરતા થાય ? શું કરતા કરતા થાય ? વિચાર કરતા કરતા થાય ? ચિંતવન કરતા કરતા થાય ? મનન કરતા કરતા થાય ? શું કરતા કરતા થાય ? તો કહે છે, એ એકપણ રીતે ન થાય. વિચાર, ચિંતવન, મનન એનાથી અનુભવ ન થાય. તો કહે, તો કેવી રીતે થાય ? અનુભવનો પ્રયત્ન કરતા કરતા અનુભવ થાય. અનુભવ કરવા માટે અનુભવનો પ્રયત્ન જોઈએ, બીજા પ્રકારે પ્રયત્ન ન જોઈએ. અને એટલા માટે આપણે જે Method chowkout કરી છે એ પહેલેથી વેદનાથી ઉપાડીને વેદનની પદ્ધતિ લીધી છે. પહેલું જ Stage વેદનથી છે. એ અનુભવ પદ્ધતિ છે, વિચારપદ્ધતિ નથી. વેદન છે એ વિચારપદ્ધતિમાં નથી આવતું, વેદન અનુભવપદ્ધતિમાં આવે છે. અને અનુભવ, સ્વાનુભવ કરવા માટે અનુભવપદ્ધતિ જોઈએ, વિચાર પદ્ધતિ પર્યાપ્ત નથી, Perfect નથી. એ કેટલીક Outline સમજાવવા માટે Imperfect વાત છે, Perfect નથી. કેટલીક Outline એનાથી મળે છે પણ અહીંયાં થોડી Underline પકડવાની જરૂર છે, Outline થી કામ નહિ ચાલે.

મુમુક્ષુ :– 'કૃપાળુદેવે' એમ કેમ કહ્યું કે કર વિચાર તો પામ. શુદ્ધ ચૈતન્યઘનમાં.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં એવું છે કેટલાક વિચાર

નથી કરતા એને વિચાર કર એમ કહે. તમે જો સ્વાધ્યાયમાં ન આવો તો શું કહે ? તમે સ્વાધ્યાયમાં નથી આવતા ? સ્વાધ્યાયમાં તો આવવું જોઈએ ને ! પણ સ્વાધ્યાયમાં તમે Regular આવતા હોય ત્યારે શું કહે ? કે એવું એકલું સ્વાધ્યાયમાં આવવાથી નહિ વળે. અંદર પાછો પુરુષાર્થ કરવો પડશે. એને એમ કહેવું પડે. તો એમાં શું છે કે વિચાર ન કરતો હોય એને એમ કહે કે તું વિચાર કર તો પામીશ. પણ વિચાર કરીને અટકતો હોય એને એમ કહ્યું કે, તું અનુભવ કર તો પામીશ.

જુદી જુદી યોગ્યતામાં જુદો જુદો ઉપદેશ છે. યોગ્યતા જુદી જુદી તો ઉપદેશ પણ જુદો જુદો. માંસ ખાતો હોય એને એમ કહે કે લીલા-શાકભાજીની કેટલી Item છે, Variety છે, ઇ ખાને. અનેક પ્રકારના ફરસાણ છે એ ખાને. પેલામાં શું મસાલો-મીઠું ભભરાવીને ખા છો ? એનો શું વઘાર કરીને ખા છો તું ? પણ શાકભાજી ખાતો હોય એને એમ કહે જો ભાઈ ! કંદમૂળ ખાઈશ નહિ. Variety ઘણી છે પણ કંદમૂળને તુ બાદ કરજે. કંદમૂળ ન ખાતો હોય એને કહે કે તું લીલોતરીને બાદ કરજે. ઠીક. એમ છે. એમ જુદા જુદા Stage જુદો જુદો ઉપદેશ છે.

**'પ્રયોગ તો હું એક જ્ઞાયક છું તે કરવાનો છે.'** જ્ઞાયક છું એવા અનુભવનો પ્રયોગ કરવાનો છે, પુરુષાર્થ કરવાનો છે, અભ્યાસ કરવાનો છે. **'પોતે કાંઈ બહાર જાણવા જતો નથી...'**

મુમુક્ષુ :- 'બહેનશ્રીના વચનામૃત'માં એક આ હું જ્ઞાયક છું એવો ધ્વનિ, એક Symbole થઈ ગયો. એવો ધ્વનિ ઘણી જગ્યાએ ઉઠે છે. એનો આખો રણકાર જ એક જ્ઞાયક છું એના ઉપર વજન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શું છે કે એ વાત 'ગુરુદેવે' બહુ મુખ્યપણે કરી અને એનો મર્મ એમણે પકડ્યો. એમનો મર્મ એણે પકડ્યો છે. એ શબ્દો ઉપરથી એમણે અનુભવ સુધી એ વાત પકડી છે. હું જ્ઞાયક છું એમાંથી અનુભવ સુધી એ પહોંચ્યા છે. એટલે એ વાત આવે જ ને ! 'ગુરુદેવ'ના પ્રવચનની અંદર જ્ઞાયકની વાત ખૂબ આવે છે. અને એટલે આપણા મુમુક્ષુઓ પણ જ્ઞાયકની ચર્ચા ખૂબ કરે છે. એ તો અનુભવ સુધી પહોંચ્યા છે.

મુમુક્ષુ :- જ્ઞાયક છું એ ધ્વનિ એમની અનુભવની Line છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાયકનો અનુભવ કર્યો છે.

**'પોતે બહાર જાણવા જતો નથી અને બીજામાં એકત્વ થતો નથી, એકત્વબુદ્ધિ પોતે કરી રહ્યો છે.'** એટલે અભિપ્રાય ખોટો છે. બુદ્ધિ એટલે અભિપ્રાય. આત્મામાંથી બહાર નીકળીને ક્યાંય જાતો નથી. ક્ષેત્ર અપેક્ષાએ. બીજામાં ભળતો પણ નથી. એકત્વ એટલે ભળતો પણ નથી. જ્ઞાન તો જુદું જ રહે છે. છતાં અભિપ્રાયમાં બીજાને પોતામાં ભેળવી દે છે કે મને કડવું લાગ્યું. તને કડવાશ જાણવા મળી છે. આત્માને જો કડવાશ લાગે તો જ્ઞાન હંમેશાં કડવું થઈ જાય. પણ જ્ઞાન કડવું થતું નથી. આત્માને ગરમી લાગે તો જ્ઞાનને Temperature આવે, પણ જ્ઞાનને Temperature આવતું નથી. જ્ઞાન Temperature ને જાણે છે. એમ છે. જાણવું બીજી વાત છે અને લાગવું બીજી વાત છે. પણ અધ્યાસમાં એમ થાય છે કે મને લાગે છે. એ મિથ્યા છે. એકત્વબુદ્ધિ પોતે કરી રહ્યો છે.

**'તે બીજા દ્રવ્યરૂપે થતો નથી,....'** બીજા પદાર્થપણે પોતે થતો નથી ક્યારેય, થઈ શકતો પણ નથી. **'પણ પોતે એકત્વ માની રહ્યો છે.'** પોતે એકત્વ માની રહ્યો છે, જાણી રહ્યો છે. એ એનું જાણવું અને માનવું બન્ને મિથ્યા છે. જૂઠ છે. વસ્તુસ્વરૂપ એવું નથી. **'તે પોતાની ભૂલ છે.'** તે છે પોતાની ભૂલ છે. **'માટે હું તો બીજાથી જુદો એક જ્ઞાયક છું એમ ગ્રહણ કરવાનું છે.'** હું જ્ઞાયક છું એમ અનુભવથી ગ્રહણ કરવાનું છે. શેનાથી ? અનુભવથી. જાણવામાં ગ્રહણ નહિ થાય. ગ્રહણ કરવું એ બીજી વાત છે અને જાણવું એ બીજી વાત છે. ગ્રહણ કરવામાં પોતાપણે અનુભવાય છે. એનું નામ ગ્રહણ કરવું છે.

ફરીથી, જે પોતાપણે અનુભવાયો તેનું નામ પોતે

જ્ઞાયકને ગ્રહણ કર્યો એમ છે. પણ આત્મા જાણનાર છે... જાણનાર છે... જાણનાર છે.... એમ જાણ્યું એમાં કાંઈ આત્માને, જ્ઞાયકને ગ્રહણ કર્યો નથી. એમ છે.

**'પોતાની જ્ઞાન પરિણતિ જાણે કાંઈ કામ કરતી નથી અને પ્રતિબિંબ પરાણે આવીને અંદર પડે છે તેવું કાંઈ નથી.'** આમાં શું કહેવું છે ? કે જ્ઞાન પરિણતિ જે કામ કરે છે એમાં જ્ઞાનની શક્તિ કામ કરે છે, ત્યારે જણાય છે. જ્ઞાનનો સ્વભાવ કામ કરે છે એમાં જણાય છે. કોઈ ચીજ પરાણે પ્રતિબિંબ પાડતી નથી. એને તો ખબર પણ નથી મારું પ્રતિબિંબ કોના જ્ઞાનમાં કેટલું પડે છે. ખબર છે ? આપણને પચ્ચીસ જણા જોતા હોય કે હજાર જણા જોતા હોય એ આપણને ખબર પડે છે કોણ જોવે છે ? કાંઈ નહિ. એટલે આપણે જોર કરીને પરાણે કોઈને બીજાને જ્ઞાનમાં પ્રતિબિંબ પાડીએ છીએ એવું તો નથી. એમ કોઈ પદાર્થનું નથી. જે કાંઈ જ્ઞાનમાં, કોઈના પણ જ્ઞાનમાં જણાય છે એ એની શક્તિને કારણે જણાય છે. તું જાણતો હોય તો એમાં તું તારા સ્વભાવ–શક્તિને જો. જાણવામાં શું જો તું ? જાણવાના સ્વભાવને અને જાણવાની શક્તિને તું જો. શું જાણે છે એ નહિ જો. કેમ કે વિશેષને ગૌણ કરવું છે.

ફરીથી, જરા Practical side લેવી છે આમાં. કે તું જાણી રહ્યો છો ? કે હા, હું જાણી રહ્યો છું. બરાબર ? તો તું શું જાણે છો એ જોવાને બદલે તારી શક્તિથી તું જાણે છે એમ તને તારા જ્ઞાનમાં તું તને જોને, તારી શક્તિ અને સ્વભાવને જોને. મારામાં જાણવાની શક્તિ છે તો હું જાણું છું. એ મારો સ્વભાવ છે. એટલે કે જ્ઞાનને સ્વભાવદૃષ્ટિએ જોવું. (કોઈ) કહે સ્વભાવદૃષ્ટિએ જોતા જ્ઞાનસ્વભાવ ન જણાય ત્યાં સુધી શું કરવું ? તમે એમ કહ્યું કે જ્ઞાનને સ્વભાવદૃષ્ટિએ જોવું. Accept ! પણ હવે એમ જોવા જતાં અમને સ્વભાવ નથી જણાતો એનું શું કરવું ? તો કહે છે, જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ પ્રગટ છે, પરિણમ્યોને ? તો એને જોવાની જિજ્ઞાસા કર. ન જણાય ત્યાં સુધી એને જોવાની જિજ્ઞાસા કર કે આ જ્ઞાનસ્વભાવ જ્ઞાનમાં પ્રગટ છે, એમ મારા ગુરુ મને કહે છે તો પછી મને કેમ જણાતો નથી ? મારો એ જોવાનો, જાણવાનો યથાયોગ્ય પ્રયત્ન નથી. યથાયોગ્ય જાણવું એવી મારી યોગ્યતા નથી એવું કાંઈક છે, તો મારે એને જાણવા માટે જિજ્ઞાસા લાવીને યોગ્યતા પ્રગટ કરવી.

જિજ્ઞાસા તત્કાળ યોગ્યતાને પ્રગટ કરે છે. એનો બીજો કોઈ Process નથી. જિજ્ઞાસા યોગ્યતાને પ્રગટ કરે છે. આ લોકોને આમ વેદાંતની અંદર સ્થાનવાસી કરતા પણ વિચારક મહાત્માઓ ઘણા થઈ ગયા. એમાં જે 'આદ્ય શંકરાચાર્ય' થયા, આત્માને એ લોકો બ્રહ્મ કહે છે. પરમબ્રહ્મ બ્રહ્મ એમ કહે છે. અને વેદાંત છે એ આત્માને સમજવા માટેના એની અંદર સૂત્રો છે વેદાંતની અંદર. વેદાંત એટલે અઢાર ઉપનિષદ છે. વેદોનો અંતિમ ભાગ છે એને વેદાંત કહે છે. એમાં અઢાર ઉપનિષદની એ લોકોએ રચના કરી છે. તો કહે આત્માને જાણવું હોય તો પહેલા આત્માની જિજ્ઞાસા કરવી. એમણે એ વેદાંત ઉપર પોતે ટીકા કરી છે. એ ટીકાને એ લોકોની શાસ્ત્ર પરિભાષામાં ભાસ્ય કહે છે. આત્માનું જે સૂત્ર છે એને બ્રહ્મસૂત્ર કહે છે. એ બ્રહ્મસૂત્ર ઉપર શંકરાચાર્યએ જે ભાસ્ય કર્યું, એ બહુ ઉઘાડવાળા થયા. એને શાંકરભાસ્ય કહે છે. 'બ્રહ્મસૂત્ર શાંકરભાસ્ય' આવડુ મોટું સંસ્કૃતમાં Volume છે. શેમાં ? સંસ્કૃતમાં. સંસ્કૃતના પારંગત એ લોકો બધા. સંસ્કૃતની અંદર બધી વાતો કરે સંસ્કૃતમાં. ભેગા થાય એટલે કેમ છો તમે ? આપણે એમ કહીએ ને ? **किंम भवान ?** એમ કહે. કેમ છો ? **किंम भवान ?**

એ આત્માની જિજ્ઞાસા ઉપર પહેલા સીધા લઈ ગયા કે આત્માને જાણવો હોય તો આત્માની જિજ્ઞાસા જોઈએ. તો પહેલું વાક્ય એમણે એમ લખ્યું अथासौ ब्रह्मजिज्ञासा પહેલી બ્રહ્મની જિજ્ઞાસા જોઈએ. તે બ્રહ્મજિજ્ઞાસા ઉપર એમણે કેટલું લાંબુ પ્રકરણ લખ્યું છે. અથ એટલે શું ? સૌ એટલે શું ? બ્રહ્મ એટલે શું ? જિજ્ઞાસા એટલે શું ? એના ઉપર વિવેચન... વિવેચન... વિવેચન... તમારે એમ થાય કે ઉઘાડ જોઈને તમને એમ થાય કે ગજબનો ઉઘાડ છે આનો ! એટલું સંસ્કૃતમાં લાંબુ વિવેચન કર્યું છે.

મુમુક્ષુ :– એમને પોતાને એટલી જિજ્ઞાસા હતી ?

પૂજ્ય ભાઈશ્રી :– જિજ્ઞાસા હતી કે નહોતી એ પછીની વાત છે પણ જિજ્ઞાસા ઉપર એની વિચારશક્તિ ઘણી હતી, એ તો અહીંયાં પ્રદર્શિત થાય છે. મોટી ભૂલ ક્યાં કરી અન્યમતિઓએ ? કે જૈન શાસ્ત્રો વાંચ્યા પછી પણ, જૈનશાસ્ત્રો એ લોકોએ વાંચ્યા, 'શંકરાચાર્યે' પણ વાંચ્યા પણ બુદ્ધિ નિર્મળ નહોતી એટલે એમણે કહ્યું કે આ તો સ્યાદવાદથી લખાયેલી વાત છે. જિનાગમ છે તે સ્યાદવાદથી વિવેચિત છે અને સ્યાદવાદ છે એ સંશયવાદ છે. આમાં ક્યાંય વસ્તુના સ્વરૂપને ખીલે બાંધ્યું નથી. વસ્તુના સ્વરૂપનું ઠેકાણું જ નથી આમાં. કેમ ? કે જૈનો વિરુદ્ધ વાતો બહુ કરે છે. આત્મા નિત્ય પણ છે અને આત્મા અનિત્ય પણ છે. આત્મા શુદ્ધ પણ છે અને આત્મા અશુદ્ધ પણ છે. આત્મા એક પણ છે અને આત્મા અનેક પણ છે. એક હોય એ અનેક કેવી રીતે બની શકે ? આ લોકો વાતને નક્કી જ કરતા નથી. ઘડીક આ બાજુથી વાત કરશે. ઘડીક આ બાજુથી વાત કરે છે. ઘડીક વિરુદ્ધથી વાત કરે છે. આનું Statement એવું આપ્યું. તો એમણે વીતરાગ સર્વજ્ઞને પરમેશ્વર તરીકે પરમ ઐશ્વર્યને પ્રાપ્ત થયા છે એ વાત સ્વીકારી નથી. આ મોટી ભૂલ થઈ.

ધર્મનું મૂળ જ સર્વજ્ઞ છે. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. જેને સર્વજ્ઞનું સ્વરૂપ ન સમજાય એને ધર્મનું સ્વરૂપ ન સમજાય. અને જેણે ધર્મનું પ્રતિપાદન કરવું હોય એણે સર્વજ્ઞતાથી ધર્મ પ્રતિપાદિત કરવો. આ 'કૃપાળુદેવે' આજ્ઞા કરી છે. 'ધર્મ સર્વજ્ઞતાથી પ્રતિપાદન કરવો.' ત્યાં ભૂલ્યા. એટલે મૂળમાં ભૂલ્યા. પછી તો ઊંધા ઘડા ઉપર બધા ઊંધા ઘડા આવે. આમ થયું છે.

(અહીંયાં) શું કહે છે ? પોતાની જ્ઞાનપરિણતિ જાણે કાંઈ કામ કરતી નથી અને પ્રતિબિંબ પરાણે અંદર આવીને પડે છે એમ કાંઈ નથી. જ્ઞાન પરિણતિ જ્ઞાનશક્તિથી કામ કરે છે. તું શક્તિ અને સ્વભાવને જો અને એ જોવાની જિજ્ઞાસા કર તો તને ચોક્કસ, જરૂર તારો સ્વભાવ જણાશે. જ્ઞાનપરિણતિ પોતાની છે. પોતે પરિણમી રહ્યો છે. પોતે કૂટસ્થ છે એવો કાંઈ અર્થ નથી. અહીંથી સમજવું. સીધો એમ સમજ્યા વગર કુટસ્થ... કુટસ્થ... ધ્રુવ ઉપર જાય એમ કાંઈ પત્તો લાગે નહિ. અહીં સુધી રાખીએ...

## ધાર્મિક કાર્યક્રમ

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિન નિમિત્તે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમ નિમ્નસ્થળે આયોજિત કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૩, બુધવાર તા. ૬-૪-૨૦૧૧ થી ચૈત્ર સુદ ૫, શુક્રવાર તા. ૮-૪-૨૦૧૧ પર્યંત જિનમંદિરમાં મંડલ વિધાન રાખવામાં આવેલ છે. તથા 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' માં પ્રાતઃ સાત થી આઠ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું સી.ડી. પ્રવચન, બપોરે ચાર થી પાંચ ગુણાનુવાદ તથા રાત્રે આઠ થી નવ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિડીયો પ્રવચન તથા ભક્તિ રાખવામાં આવેલ છે. તા. ૮-૪-૨૦૧૧, ચૈત્ર સુદ પાંચમના દિવસે સવારે ચાર વાગે 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' માં ભક્તિ તથા બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ત્યારબાદ સાત થી આઠ પ્રવચન અને તત્પશ્ચાત્ પૂજ્ય ભાઈશ્રીના સમાધિસ્થળે અડધી કલાક ભક્તિ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને વિનમ્ર સૂચન છે કે તેઓ આવવાની વિગત અગાઉથી જણાવે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક :– શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫.

# અનુભવ સંજીવની

## (પૂજ્ય ભાઈશ્રીના અગાધ મંથનમાંથી વહેલી ચિંતન કણિકાઓ)

પરમ સત્સંગમાં સાધના થવી સાનુકૂળ છે; તેથી મુમુક્ષુ જીવને અંતરથી તેવી ભાવના થવા યોગ્ય છે, કે જેથી પરમ સરળતાથી પોતાનાં પરિણામોનું નિવેદન કરી, જે તે સમયે, જે તે યથાર્થ પ્રકારનું - માર્ગદર્શન પ્રાપ્ત થઈ, તદનુસાર પોતે પ્રયોગારૂઢ થઈ, સન્માર્ગ પ્રતિ ગતિ કરી શકે. આવો સુયોગ ઉત્કૃષ્ટ પાત્રતાવાન જીવને નિર્વાણનું કારણ છે. તેનું જ્વલંત ઉદાહરણ શ્રી સુભાગ્યભાઈ અને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રદેવ છે. ભૂતકાળે આ પ્રકારે અનંત જીવો બૂજ્યા છે, અને ભાવિમાં અનંત બૂજશે. 'પ્રત્યક્ષ યોગ ત્રિકાળ જયવંત વર્તો' તેથી જ પ્રત્યક્ષ સત્પુરુષ જીવંત આગમ છે. અરે ! જીવંત જિનશાસન છે; તેનું મૂલ્યાંકન કોઈ વાણી કથી શકે નહિ; માત્ર અનુભવ ગમ્ય છે. (૪૪૯)

❊

શુદ્ધાત્મ સ્વરૂપનું અવલંબન સહજપણે રહ્યા કરે, તે સર્વ ઉપદેશ-બોધનું તાત્પર્ય છે. તો જ દશા પૂર્ણતા પામે. સૂક્ષ્મકાળ માટે પણ શુદ્ધાત્મ સ્વરૂપનું અવલંબન છોડવા યોગ્ય નથી; તે છૂટતાં જીવ અવશ્ય બંધાય છે. જ્યાં કેવળ અંધકાર છે, ચૈતન્યનો પ્રકાશ નથી. શુદ્ધનય જીવની પરિણતિને અનંત મહિમાવંત સ્વરૂપમાં બાંધે છે. તેના (શુદ્ધનયના) અભાવમાં જીવ રાગમાં બંધાય છે. આ શુદ્ધનય સર્વ કર્મોનો મૂળથી નાશ કરનારો છે. (૪૫૫)

❊

અધ્યાત્મ અને આગમમાં, શ્રદ્ધા – જ્ઞાનના વિષયભૂત સિદ્ધાંતો નિરપવાદ હોય છે, પરંતુ ચારિત્ર વિષયક સિદ્ધાંતોમાં, પ્રયોજનની સિદ્ધિ અર્થે અપવાદનો સ્વીકાર કરવામાં આવેલ છે. જેમકે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય પરિણામોને આશ્રય / અવલંબનને યોગ્ય નિજ પરમાત્મ તત્ત્વ જ છે. તેમાં અપવાદ નથી. પરંતુ પૂર્ણ વીતરાગતા જ ઉપાદેય હોવા છતાં, મોક્ષમાર્ગમાં સાધકને ભૂમિકા અનુસાર રાગને (જે હેયબુદ્ધિએ આવે છે, તેને) વ્યવહાર ગણીને સંમત કરવામાં આવેલ છે; તે તે ભૂમિકાની મર્યાદામાં થતો રાગ સહવર્તી વીતરાગતાને હણી શકતો નથી; પરંતુ તે પોતે ઘટતો / ક્ષય પામતો જાય છે, અને વીતરાગતા વૃદ્ધિગત થતી જાય છે. આમ સિદ્ધાંતમાં અપવાદ અને નિરપવાદ એમ બે પ્રકાર જાણવા યોગ્ય છે. (૪૬૮)

❊

આત્માનો ધર્મ આત્મામાં છે, આત્મામાંથી જ તેની પ્રાપ્તિ થાય છે, તેથી આત્મા સિવાઈ બહારથી તેની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરવા યોગ્ય નથી. આત્મધર્મ–એ આત્મત્વ પ્રાપ્ત પુરુષોએ બોધેલો–આત્મતામાર્ગરૂપ ધર્મ છે. તેથી તે સિવાઈ બાકીના માર્ગ કે મતમાં ન પડાય તે લક્ષમાં રાખવા યોગ્ય છે. તે ઉપરાંત પોતાની મતિ-કલ્પનાથી, કલ્પનાયુક્ત ધ્યાનથી, સમાધિથી, કે યોગ – પ્રયોગથી કલ્યાણ થાય તેવા માર્ગે પણ ચડવું નહિ. જો કદાપિ તેવો માર્ગ બતાવનારા મળે, તો પણ આત્મજ્ઞાની પુરુષ હોય તેને જ અનુસરવાનો દૃઢ નિશ્ચય રાખવો. જ્યાં ત્યાં (જ્ઞાનીપુરુષ સિવાઈ) ભરાઈ પડવાથી સન્માર્ગની પ્રાપ્તિ થતી નથી, અને મનુષ્ય આયુ વ્યતીત થઈ જાય છે – તે ગંભીરપણે વિચારવા યોગ્ય છે. પ્રાયઃ આત્મ પ્રત્યયી માર્ગ મેળવવામાં ઓઘસંજ્ઞા આદિ કારણોવશ નિષ્ફળતા પ્રાપ્ત થતાં, જીવ અન્ય માર્ગે ચડી જવા પ્રેરાય છે, ત્યાં કદાચ કષાય મંદ થાય છે – રહે છે, પરંતુ દર્શનમોહ વૃદ્ધિગત થઈ જાય છે, તે ખચીત લક્ષમાં રાખવા યોગ્ય છે. (૫૦૬)

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૧૯ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૨૭-૦૭-૧૯૯૧

હવે, (આ પેરાગ્રાફથી) તત્ત્વનો વિષય લે છે. **''જિસ આત્મદ્રવ્યમેં પરિણામ માત્રકા અભાવ હૈ...''** મૂળ તો (પોતે જે રીતે) જામ્યા છે એ આ રીતે જામ્યા છે. શું (લખે છે) ? **''જિસ આત્મદ્રવ્યમેં પરિણામ માત્રકા અભાવ હૈ...''** ભાવના, સાધના બધું એમાં આવી ગયું. **''જિસ આત્મદ્રવ્યમેં પરિણામ માત્રકા અભાવ હૈ ઉસમેં જમ ગયા હું.''** આ એમણે સ્થિતિ લખી નાખી કે, ઉસમેં જમ ગયા હૂં. આ ત્રણ વર્ષમાં એમાં જમાવટ કરી છે (કે) જેમાં પરિણામમાત્રનો અભાવ છે. સાધના થાય છે તેનું જ્ઞાન કરું છું, ભાવના આવે છે તેનું જ્ઞાન કરું છું, બીજા પરિણામ થાય છે તેનું જ્ઞાન કરું છું. (બાકી હું તો) અહીંયા જ જામેલો છું.

**''પરિણમન સહજ, જૈસા હોતા હૈ, હોને દો;...''** જેવું પરિણમન સહેજે થાય તેને થવા દો, હું અહીંયાં જામેલો છું. (પરિણામ) જશે ક્યાં ? ઊડી-ઊડીને એ પતંગ ક્યાં ઊડશે ? દોર (તો) મારા હાથમાં છે. જાવાના ક્યાં ? ઘડીક આમ ગોથું ખાશે, ઘડીક આમ ગોથું ખાશે, અરે...! કાંઈ નહિ, દોર મારા હાથમાં છે ! એમ (વાત) છે. **''હે ગુરુદેવ ! આપકે ઇન વચનોંને...''** હવે જુઓ...! પોતાનું પરિણમન પુરુષાર્થ યુક્ત છે (પણ) નાખ્યું ગુરુદેવ માથે ! **''હે ગુરુદેવ ! આપકે ઇન વચનોંને અપૂર્વ નિશ્ચલતા પૈદા કર દી હૈ.''** મારામાં તો આપના વચનોએ કોઈ અપૂર્વ નિશ્ચલતા–અપૂર્વ સ્થિરતા પેદા કરી નાખી છે. ઘણી જમાવટ કરી છે ! ઘણી એટલે ગજબની જમાવટ કરી છે !! એમાં એકાવતારીપણું (પ્રગટ) કરી નાખ્યું છે !! **''હે ગુરુદેવ ! આપકે ઇન વચનોંને અપૂર્વ નિશ્ચલતા પૈદા કર દી હૈ. ચંચલતા વ નિશ્ચલતા તો પરિણામમેં હૈ, મૈં નિત્ય હૂં, મેરેમેં નહીં,...''** એ ચંચળતા અને અચંચળતા પણ મારામાં નથી, હું તો નિત્ય છું. એ પણ મારે પ્રશ્ન રહેતો નથી. **''...મૈં નિત્ય હૂં, મેરેમેં નહીં, યહ અનુભવ અપૂર્વ હૈ.''** એ અનુભવ અપૂર્વ છે.



મુમુક્ષુ : અમૂર્ત સ્વરૂપ મૂર્ત સ્વરૂપ જેવું દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મૂર્તિ જ, સાક્ષાત મૂર્તિ જ (જોઈ લ્યો) !! એ વિષય જ આખો જુદો છે. જે પરિણામ સ્વાભિમુખ થાય છે, સ્વને અભિમુખ થાય છે, એમાં સ્વરૂપ પ્રગટ જ છે ! સામાન્ય રીતે જીવ એમ કહે છે કે, અમારું સ્વરૂપ અપ્રગટ છે અને અમારે પ્રગટ કરવું છે, (અહીંયા) કહે છે, સ્વરૂપને પ્રગટ કરવાનો પ્રશ્ન જ નથી. પરિણામ પરસન્મુખ છે એ સ્વાભિમુખ થાય એટલે સ્વરૂપ તો પ્રગટ જ છે. સ્વરૂપને પ્રગટ કરવાનો પ્રશ્ન જ નથી. ખરેખર તો (સ્વરૂપ) પ્રગટ-અપ્રગટના અનઉભય સ્વરૂપ છે. એવું પ્રગટ છે કે જેને પ્રગટતા કે અપ્રગટતાની વિવિક્ષા કે અપેક્ષા લાગતી નથી. એવું અનઉભયસ્વરૂપ પ્રગટ છે. પણ સમજાવવા માટે એમ કહ્યું કે સ્વરૂપ પ્રગટ છે. ખરેખર તો સ્વરૂપ નિત્ય કે અનિત્ય બેમાંથી એક પણ નથી, અનઉભય સ્વરૂપ છે, પણ સમજાવવા માટે નિત્ય છે, એમ કહેવું પડે છે. એક તર્ક કરીએ (કે), જો અનઉભયસ્વરૂપ ન હોય અને નિત્ય હોય તો પર્યાયમાં ક્યાંથી દેખાણું ? જ્ઞાનલક્ષણમાં ક્યાંથી આવ્યું ? ઉપયોગ લક્ષણમાં ક્યાંથી આવ્યું ? કેમકે એ તો અનિત્ય છે. નહિતર એમ કહે કે, સ્વરૂપ તો નિત્ય છે, નિત્યમાં વળી અનઉભય શું કરવાં લ્યો છો ? અનિત્યમાં હજી એવું કાંઈક લેવું હોય તો લ્યો પણ નિત્યમાં એવી વાત શું કરવા (લ્યો છો) ? નિત્યને વ્યવહારનયનો પક્ષ કેમ કહ્યો ? પંચાધ્યાયીમાં એક અપેક્ષા (લીધી) છે કે, નિત્ય પણ વ્યવહારનયમાં જાય છે. અનિત્ય તો વ્યવહારનયમાં જાય છે પણ નિત્ય પક્ષ પણ વ્યવહારનયમાં (જાય છે). કેમકે ભેદ પડ્યો. તો કહે છે કે, વસ્તુ નિર્ભેદ છે. નિત્ય-

અનિત્યતાનો ભેદ નથી. દ્રવ્ય-પર્યાયનો ભેદ નથી. પ્રગટ-અપ્રગટનો ભેદ નથી. અનુભવપ્રકાશમાં દીપચંદજીએ લીધું છે, વસ્તુ પ્રગટ (પણ નથી અને) અપ્રગટ પણ નથી, સર્વ અવસ્થામાં જેવી છે તેવી છે. અનુભવપ્રકાશમાં એ વાત એમણે લીધી છે.

(અહીંયાં કહે છે), ''**...યહ અનુભવ અપૂર્વ હૈ. પરિણામ ક્ષણ-ક્ષણ નિરાકુલતાકી વૃદ્ધિ પામતે હૈં. 'તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,....**'' જુઓ ! આ શ્રીમદ્જીનું વચન ઉદ્ધરણ કર્યું છે કે, ''**..તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો, ગુરુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.**'' (અર્થાત્) જેવું મૂળ સ્વરૂપ છે એવું પોતાના પુરુષાર્થથી પ્રગટ કરવાના છે, એ સ્વરૂપે પરિણમવાના છે તો પણ ગુરુઆજ્ઞાને વચમાં નાખી છે. ''**ગુરુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.**'' કોઈપણ વિશેષ બુદ્ધિમાનજીવને વિચારવા જેવો પ્રશ્ન એ છે કે, શ્રીમદ્જીને કોઈ ગુરુ મળ્યા નથી ને આટલું બધું વજન કેમ ? આ ભવમાં તો મળ્યા નથી. પૂર્વભવમાં મળ્યા એ તો પોતે જાણે છે, બીજાને તો ખબર નથી, છતાં સત્પુરુષના નિમિત્ત ઉપર અને ગુરુ ઉપર એમનું આટલું બધું વજન કેમ ? કે વાતે-વાતે એ વાત આવીને ઊભી રહે છે. કાંઈક આમાં રહસ્ય છે. એમ કહેવું છે.

''**સમ્યક્ પુરુષાર્થસે યા તો પુણ્યયોગ હોકર, અનુકૂલતા પ્રાપ્ત હોકર રાગ ટૂટે અથવા પુણ્યકે અભાવમેં વીતરાગતા બઢકર રાગ ટૂટે. રાગ ટૂટના નિશ્ચિત હૈ,...**'' આ એમને પોતાનો ખ્યાલ આવી ગયો છે કે, કાં તો સમ્યક્ પુરુષાર્થથી રાગ તૂટી જાશે, કાં તો પુણ્યયોગ એટલો વધશે કે, હું પ્રવૃત્તિ છોડી દઈશ (અર્થાત્) પ્રવૃત્તિનો રાગ છોડી દઈશ – મારે શું જરૂર છે હવે ! ઘણાં પૈસા આવી ગયા. બન્ને રીતે (વાત કરે છે કે), મારો તો પ્રવૃત્તિનો રાગ તૂટવાની નજીકતા આવી ગયી છે. આ ૧૯૫૬ ની સાલમાં લખે છે. ''**સમ્યક્ પુરુષાર્થસે** (રાગ ટૂટે) **યા તો પુણ્યયોગ હોકર, અનુકૂલતા પ્રાપ્ત હોકર રાગ ટૂટે...**'' મારો અનુકૂળતાનો રાગ વધશે નહિ, રાગ તૂટી જાશે, એમ કહે છે. અત્યારથી ખ્યાલ છે. ''**અથવા પુણ્યકે અભાવમેં વીતરાગતા બઢકર રાગ ટૂટે.**'' મને પુણ્યનો સદ્ભાવ નહીં થાય અને આવી પ્રતિકૂળતા જો ચાલુ રહેશે તો એટલી બધી વીતરાગતા વધશે કે આપણે ક્યાંક ઉપડી જાશું. આ પરિવારનો રાગ નહિ રહે. બહુ જોર કર્યું છે, પુરુષાર્થનું ગજબ જોર કર્યું છે !! એટલો બધો અણસાર આવી ગયો છે કે કદાચ અનુકૂળતા નહીં આવે તો વીતરાગતા વધારી દેવી છે, (પણ) હવે રાગ નહીં રહે. હવે, રાગ તૂટવાની પરિસ્થિતિ આવી ગઈ છે. આ અંદરથી ખ્યાલ આવે છે.

''**રાગ ટૂટના નિશ્ચિત હૈ,...**'' ક્યોં ? ''**રાગ ટૂટના નિશ્ચિત હૈ, ક્યોંકિ શ્રદ્ધાને રાગ-અરાગરહિત....**'' કેવો (સ્વભાવ છે) ? (માત્ર) રાગ રહિત નહીં (પણ) રાગ-અરાગ રહિત. આનું નામ અનઉભય કહે છે. આવે છે કે નહિ ? કેટલી જગ્યાએ અનઉભય આવે છે ! રાગ-અરાગરહિત. રાગ રહિત તો વીતરાગ કહે, પણ રાગ-અરાગ રહિત એવું આ (સ્વરૂપ) છે. વીતરાગ એટલે રાગનો ત્યાગ કર્યો તે વીતરાગ (કહેવાય). (સમયસાર) ૩૪મી ગાથામાં આચાર્ય ભગવાને એમ કહ્યું કે, રાગનો ત્યાગ કરવો એ તો નામમાત્ર છે. એને ત્યાગ કરવો એવું લાગુ ક્યાંથી પડે છે ? વીતરાગ વિશેષણ પણ એને લાગુ નથી પડતું. એનું નામ અનઉભયસ્વરૂપ છે.

''**શ્રદ્ધાને રાગ-અરાગરહિત સ્વભાવકા આશ્રય લિયા હૈ વ વીર્યકી ક્ષણ-ક્ષણ ઉધર હી ઉધર સહજ ઉન્મુખતા હોનેસે,...**'' જુઓ ! (આ) પુરુષાર્થ (પોતે) જાહેર કર્યો છે ! ''**...વીર્યકી ક્ષણ-ક્ષણ ઉધર હી ઉધર સહજ ઉન્મુખતા હોનેસે જ્ઞાન-આનંદમયી અરાગી પરિણામ હી વૃદ્ધિગત હોંગે,...**'' આ અમારી સ્થિતિ થઈ ગઈ છે. રાગ છૂટી જશે એનું આ કારણ છે કે, શ્રદ્ધાએ (સ્વભાવનો) એવો આશ્રય લીધો છે અને પુરુષાર્થની પણ એવી ગતિ ચાલી રહી છે કે, અરાગી પરિણામ વૃદ્ધિગત થશે અને રાગ તૂટી જશે. ''**યહ નિયમ પ્રત્યક્ષ અનુભવગમ્ય હૈ.**'' આ નિયમ શાસ્ત્રથી વાંચીને નથી કહેતો, આ નિયમ ગુરુ પાસેથી સાંભળ્યું છે એટલે નથી કહેતો (પરંતુ) પ્રત્યક્ષ અનુભવગમ્ય છે. એનો તો મને અનુભવ વર્તે છે (કે) આમ જ થશે, હવે બીજું નહિ

થાય. આ પુરુષાર્થ આ દિવસોમાં — ૧૯૫૫-૧૯૫૬ની (સાલમાં) એમનો ઘણો ઉપાડ છે.

**''અભી રાત્રિકે આઠ બજે હૈં, મંદિરજી જાનેકા સમય હૈ અતઃ બંદ કરતા હૂં.....સબકો ધર્મસ્નેહ.''** (લખતાં-લખતાં) ખ્યાલ ગયો હશે સમય ઉપર એટલે પત્ર લંબાવવો બંધ કરી દીધો છે.

૧૯૫૫-૧૯૫૬ની સાલથી એમની પ્રત્યક્ષ સ્થિતિ જોઈ હોય તો આ પત્રોમાં એમના જે શબ્દો છે, એ એમની સ્થિતિને પ્રદર્શિત કરતાં છે.

પત્ર આવે એટલે (વાંચનાર) વાંચી જાય (અને એને એમ લાગે પણ ખરું કે) પત્ર બહુ સરસ છે, તત્ત્વની વાત લખી છે, પુરુષાર્થ એમનો ચાલે છે. ક્ષયોપશમ હોય એટલે (વાંચનાર) વિષય પકડી શકે કે, શ્રદ્ધાના જોરવાળો વિષય ઘણો આવે છે. (પરંતુ) ઓળખાણ બીજી વાત છે, જાણપણું બીજી વાત છે અને જાણપણું ન હોય અને ઓઘસંજ્ઞા હોય, એ બીજી વાત છે. એવાં પરિણામની અંદર ભેદ-પ્રભેદ થાય છે.

ઓઘસંજ્ઞા બે પ્રકારે છે. એક વગર જાણપણે અને એક જાણપણે. જેમકે સામાન્ય રીતે આપણે ત્યાં તત્ત્વનો વિષય ચર્ચાય છે, એટલો પ્રચલિત થયો છે, પ્રસિદ્ધ થયો છે એટલે મુમુક્ષુને જાણપણું થઈ જાય છે. છતાં ઓઘસંજ્ઞા નથી જાતી. આ એક ઓઘસંજ્ઞાનો પ્રકાર છે. એટલે ત્યાં એવી ભ્રાંતિ ન થવી જોઈએ કે, આ ઓઘસંજ્ઞા નથી. અને કોઈને જાણપણું ન પણ થાય અને એટલો ઉઘાડ ન હોય ને પકડાય નહિ છતાં બહુમાન રહ્યાં કરે, ભક્તિ રહ્યાં કરે (તો) એ પણ ઓઘસંજ્ઞા છે.

મુમુક્ષુ :- જાણપણું થઈ જાય અને લાગે કે અમે તો બરાબર સમજીને કરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયા લાલબત્તી છે, થોડું જોખમ અહીંયાં છે કે, હવે (મને) ઓઘસંજ્ઞા નથી એવું ન લાગવું જોઈએ. જ્યાં સુધી ભાવ ભાસે નહિ ત્યાં સુધી ઓઘસંજ્ઞા છે. એવું સ્પષ્ટ જાણપણું હોય તો ભૂલે નહિ અને તો એને પુરુષાર્થની ગતિ ઉત્પન્ન થવાનો અવકાશ રહે, નહિતર પુરુષાર્થ રોકાઈ જાય કે, મને ખબર છે. એમાં પુરુષાર્થ રોકાઈ જાય. પુરુષાર્થ આગળ ન ચાલે, રુચિ આગળ ન ચાલે, જિજ્ઞાસા ન રહે. એ બધી પરિસ્થિતિ ઊભી થાય અને આગળ વધવાનો દરવાજો બંધ થઈ જાય. જાણપણામાં સંતોષાઈ જાય. જાણપણામાં ફાયદો પણ છે અને નુકસાન પણ છે. અધૂરું જાણપણું નુકસાન કરે છે. સરખું જાણવું જોઈએ કે, ભાવભાસન થયા વગર આ જાણપણાનું કાંઈ મૂલ્ય નથી; તો વાંધો નથી, તો ક્યાંય રોકાય નહિ.


**'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮**

| | |
|---|---|
| પત્રનું નામ | : 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશ સ્થળ | : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : માસિક |
| મુદ્રક | : ભગવતી ઓફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સંપાદકનું નામ | : શ્રી હીરાલાલ જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સ્વામિત્વ | : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |

હું, હીરાલાલ જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોક્ત વિવરણ સત્ય છે.

તા. ૩૧ માર્ચ, ૨૦૧૧ હીરાલાલ જૈન

મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.

# અગ્રીમ નિમંત્રણ

ધન્ય પુરુષાર્થી !!

સદ્‌ધર્મ પ્રેમી ધર્મવત્સલ ભાઈશ્રી / બહેનશ્રી ............................

વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર ૧૦૦૮ શ્રી મહાવીરસ્વામી શાસન ઉદ્યોતકર, જિનધર્મરહસ્યોદ્‌ઘાટક, પંચમકાળને ચતુર્થકાળમાં પરિવર્તિત કરનાર, અનેકાંત સ્યાદ્‌વાદમયી જિનવચનમાં રમનાર, અધ્યાત્મયુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની અધ્યાત્મદેશના જગપ્રસિદ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીનું મહાવિદેહથી ભરતમાં આગમન થતાં ભરતક્ષેત્રમાં સત્યધર્મનો પુનઃ ઉદ્યોત થયો, અનેક જીવો આત્મકલ્યાણના પવિત્ર કલ્યાણકારી માર્ગે પુરુષાર્થવંત થયા. શાશ્વત સુખદર્શક જિનવાણીના મર્મને પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંની પવિત્ર દેશના દ્વારા વહેતું કરી. એ પવિત્ર ગંગા આજે પણ અવચિળપણે વહી રહી છે અને પંચમકાળના છેડા સુધી વહેતી રહેશે.

પ્રત્યેક તીર્થંકરનું પુરાણ રચાય છે. તેમાં તેઓશ્રીના આગળ-પાછળના ભવોનો ભવ્ય ઇતિહાસ અંકિત થાય છે. આપણા વ્હાલસોયા પૂજ્ય ગુરુદેવશ્રી પણ આગામી ઘાતકીખંડના ભાવી તીર્થંકરના જીવ છે, જે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેને સ્વયંના દિવ્ય અલૌકિક જાતિસ્મરણજ્ઞાન દ્વારા જાહેર કર્યું. તીર્થંકર કદી એકલા મોક્ષમાં જતા નથી, અનેક ભવ્ય જીવો તેમની સાથે મોક્ષમાં પદાર્પણ કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંના સાતિશય ભવ્ય પુરુષાર્થ દ્વારા કલ્યાણકારી સમ્યગ્દર્શન પ્રગટ કર્યું અને ભારતવર્ષમાં દિવ્યદેશના દ્વારા તેનો ઉદ્યોત કર્યો.

૪૫-૪૫ વર્ષ સુધી સોનગઢમાં રહી તેઓશ્રી આત્મસાધના સાધતા રહ્યા. અનેક જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યવાણીનો લાભ પામી સંસ્કારને પ્રાપ્ત થયા. પરંતુ સોનગઢની એ પવિત્ર ભૂમિ ત્યારે ફલવંતી બની કે જ્યારે પુરુષાર્થમૂર્તિ અજોડ ધર્મરત્ન પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીએ એક જ પ્રવચનના શ્રવણમાત્રથી ભવછેદક સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું અને પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વર્ણમયી ઇતિહાસમાં યશકલગી સમાન કાર્ય કરી ગુરુ-ગૌરવ વૃદ્ધિગત કર્યું છે.

પૂજ્ય સોગાનીજી એક એવા ધર્માત્મા થયા જેઓને પૂજ્ય ગુરુદેવશ્રી સાથે પ્રત્યક્ષ ચર્ચાનો કે વાર્તાલાપનો કોઈ પ્રસંગ બન્યો નહિ. તેઓશ્રીના પરિચયમાં બહુ જ થોડા મુમુક્ષુઓ આવ્યા. પરંતુ સહુ કોઈને જ્ઞાનદશાની ઓળખાણ થવી સુલભ નથી. એવી પરિસ્થિતિમાં જિનમાર્ગ રહસ્યજ્ઞ, વિધિ-પ્રકાશક, નિષ્કારણ કરુણાશીલ, કરુણાસાગર, આત્મહિતૈષી, સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ તેમના પરિચયમાં આવ્યા અને પૂજ્ય સોગાનીજીની તીવ્ર પુરુષાર્થની ગતિને સ્વયંની વિચક્ષણ પ્રજ્ઞા દ્વારા પારખી લીધી. આવા એક તીવ્ર પુરુષાર્થવંત જીવ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપા થઈ છે, એમ વિનમ્ર ભાવે પૂજ્ય ગુરુદેવશ્રીને નિવેદન કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમના પત્રો અને વચનો દ્વારા પુરુષાર્થની તેજ ગતિ જોઈને કહ્યું, આ જીવ એકાવતારી છે અને અમે જ્યારે મુનિદીક્ષા ગ્રહણ કરીશું ત્યારે અમારા નમસ્કાર આમને પહોંચશે !! અહો ! ધન્ય ગુરુ ! ધન્ય શિષ્ય ! !

પૂજ્ય સોગાનીજીની ૧૦૦ મી જન્મ જયંતિ ઉજવવાનું સદ્‌ભાગ્ય આપણને સૌને સાંપડ્યું તે આપણું મહાભાગ્ય છે. આ પ્રસંગે પૂજ્ય ભાઈશ્રીનો ઉપકાર હૃદયંગમ કરી તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન કરીએ છીએ.

કોઈપણ ધર્માત્માની જન્મજયંતિ ઉજવવી એ આપણા સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. સૌધર્મ ઇન્દ્રના દીર્ઘ આયુષ્ય દરમ્યાન અત્યંત આનંદોલ્લાસ પૂર્વક પ્રત્યેક તીર્થંકરોના કલ્યાણ ઉજવે છે.

પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીની આગામી ૧૦૦ મી જન્મજયંતિ તા. ૧૩-૫-૨૦૧૧ ના રોજ ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમથી અત્યંત ભક્તિભાવપૂર્વક સોનગઢની ધન્ય ધરાતલ ઉપર નિર્મિત ગુરુ-ગૌરવ સ્મારકમાં ઊજવવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે નિમ્ન લિખિત કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સમસ્ત ભારતવર્ષના મુમુક્ષુ સમાજને આ પ્રસંગે આમંત્રિત કરવામાં આવે છે. આ પ્રસંગે પધારવાથી આપને નવનિર્મિત 'ગુરુ-ગૌરવ' સ્મારકમાં બિરાજમાન પૂજ્ય સોગાનીજી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની ભવ્ય સંગેમરમરમાં ઉત્કિર્ણ પ્રતિકૃતિના દર્શનનો લાભ મળશે તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ચિત્રપટ તદુપરાંત પૂજ્ય સોગાનીજીના સચિત્ર જીવન દર્શન જોવાનો લાભ મળશે અને સોનગઢ સ્થિત સર્વ જિનાયતનોના દર્શનનો પણ લાભ મળશે. આવનાર મુમુક્ષુઓએ પોતાના આગમનની તારીખ અગાઉથી જણાવવા વિનંતી, જેથી તેમની આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા કરી શકાય.

## ધાર્મિક કાર્યક્રમ

**તા. ૧૧-૫-૨૦૧૧ થી ૧૩-૫-૨૦૧૧**

| | | |
|---|---|---|
| સવારે : | ૫:૪૫ | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ઑડિયો તત્ત્વચર્ચા |
| | ૬:૩૦ થી ૭:૧૫ | જિનમંદિરમાં પૂજા |
| | ૭:૩૦ થી ૮:૦૦ | ચા-પાણી, નાસ્તો |
| | ૮:૩૦ થી ૯:૩૦ | સ્વાધ્યાય મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |
| | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | ગુરુ-ગૌરવ સ્મારકમાં પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું ટેપ પ્રવચન |
| | ૧૧:૩૦ થી ૧૨:૩૦ | ભોજન |
| બપોરે | ૩:૦૦ થી ૪:૦૦ | પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન (સ્વાધ્યાય મંદિરમાં) |
| | ૪:૧૫ થી ૫:૧૫ | પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ ગોરવ'માં. |
| સાંજે | ૬:૦૦ થી ૭:૦૦ | ભોજન |
| રાત્રે | ૮:૦૦ થી ૯:૦૦ | સ્વાધ્યાય મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |
| | ૯:૧૫ થી ૧૦:૧૫ | ગુરુ-ગૌરવમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, ભક્તિ. |

પ્રશ્ન :– સ્થૂલ ઉપયોગનો વિસ્તાર કર્યો તે બરાબર છે, પણ સૂક્ષ્મ ઉપયોગના વિષયમાં થોડો વિસ્તાર કરવા કૃપા કરશો.

સમાધાન :– પોતાના અંતરમાં ઉપયોગ જાય તે ઉપયોગ સૂક્ષ્મ છે. પોતાની સન્મુખ જાય કે હું આ ચૈતન્ય છું, હું ચૈતન્ય દ્રવ્ય છું, આ જ્ઞાયક છું–એમ પોતાના સ્વભાવ તરફ જાય તો તેની દિશા બદલાય છે, તેથી તે ઉપયોગને સૂક્ષ્મ કહેવાય છે.

સ્થૂલ ઉપયોગની દિશા તો બહાર ને બહાર જ છે, પોતાના અરૂપી તત્ત્વને ગ્રહણ કરે તો તેની અંતરમાં દિશા વળે જે સૂક્ષ્મ ઉપયોગ છે. અંતરમાં જઈને સ્વભાવને ગ્રહણ કરે તે ઉપયોગ સૂક્ષ્મ છે.

ધીરો થઈને અંતરમાં જુએ કે આ સ્વભાવ છે અને આ વિભાવ છે, એમ પોતે પોતાના સ્વભાવને ગ્રહણ કરે તો તે ઉપયોગને સૂક્ષ્મ કહેવાય.

**(સ્વાનુભૂતિદર્શન-૨૦૦)**

પ્રશ્ન :– વિકલ્પાત્મક ભાવભાસન યથાર્થ કહેવાય ?

સમાધાન :– વિકલ્પાત્મક ભાવભાસન બુદ્ધિથી થાય છે, તેને વ્યવહારે યથાર્થ કહેવાય. પણ વાસ્તવિક યથાર્થ તો ચૈતન્યને ગ્રહણ કરે ત્યારે જ કહી શકાય. બુદ્ધિથી નિર્ણય કરે તેને વ્યવહારથી કહેવાય, પણ વાસ્તવિકપણે પોતે પોતાને ગ્રહણ કરે ત્યારે યથાર્થ કહેવાય.

**(સ્વાનુભૂતિદર્શન-૨૦૧)**

પ્રશ્ન :– જ્ઞાન લક્ષણના ભેદમાં ન રોકાતાં શું હું જ્ઞાયક છું એમ આપ સીધો જ્ઞાયકને ગ્રહણ કરવાનું કહો છો ?

સમાધાન :– જે જ્ઞાનની પર્યાય ક્ષણે ક્ષણે પલટે છે તે હું નથી, હું તો ત્રિકાળ જાણનાર છું. સ્વયં મારું અસ્તિત્વ જ જ્ઞાયક છે, મારું અસ્તિત્વ સ્વયં જ્ઞાયકતાથી જ રચાયેલું છે. આ ક્ષણે ક્ષણે જે ફેરફાર થાય તે મારું મૂળ સ્વરૂપ નથી, સ્વયં જ્ઞાયકતાથી રચાયેલું મારું અસ્તિત્વ અખંડ છે, એમ જ્ઞાયકને ગ્રહણ કરવો. આ ક્ષણ પૂરતું જ્ઞાન-જ્ઞાન દેખાય છે તે મારું મૂળ અસ્તિત્વ નથી, ફરે છે એ તો પર્યાય છે. અનંતતાથી ભરેલો, અનંત જ્ઞાયકતાથી રચાયેલો, અનંત-અનંત અગાધ શક્તિઓથી ભરેલું જે જ્ઞાયકતાનું અસ્તિત્વ છે તે હું છું. એમ ગ્રહણ થવું જોઈએ.

અનંતતા તેને દેખાતી નથી, પણ તેને એટલી મહિમા અંતરમાં આવી જાય છે કે અગાધ શક્તિઓથી ભરેલું એવું મારું અસ્તિત્વ છે. મારું અસ્તિત્વ ખાલી નથી, પણ અનંત શક્તિઓથી ભરેલી એવી મારી જ્ઞાયકતા છે. એવી મહિમાપૂર્વક અંતરમાં જ્ઞાયકતા ગ્રહણ થવી જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૨૦૨)**

પ્રશ્ન :– પ્રથમ ગ્રહણ તો જ્ઞાની પુરુષનાં વચનો દ્વારા કરવું પડે ને ?

સમાધાન :– જ્ઞાનીનાં વચનો તેમાં નિમિત્ત હોય છે. અનાદિકાળથી પોતે જાણ્યું નથી. એમાં પહેલાં દેવ કે ગુરુનાં વચનો કાને પડે છે, તે પછી પોતાની અંતરની તૈયારી થાય છે ને તેને ચૈતન્યના કોઈ અપૂર્વ સંસ્કાર તથા દેશનાલબ્ધિ પ્રગટે છે. જ્ઞાનીનાં વચન નિમિત્ત ખરાં, પણ અંતરથી તૈયારી પોતાને કરવાની રહે છે, પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૦૩)**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (માર્ચ–૨૦૧૧નું) શુલ્ક શ્રીમતિ શ્વેતાબેન ભાવીનભાઈ સાવલા, (મુંબઈ)ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનમાંથી પાંચમું ગુણસ્થાન આવે તે જ્ઞાનીને કેમ ખબર પડે ?

સમાધાન :-- તેની સ્વાનુભૂતિની દશા વધતી જાય છે, અંતરમાં પરિણતિની નિર્મળતા વધતી જાય છે, ગૃહસ્થાશ્રમને યોગ્ય જે પરિણામો હોય તેનાથી વિરક્તિનાં પરિણામ વિશેષ વધતાં જાય છે, એટલે તે પકડી શકે છે. **(સ્વાનુભૂતિદર્શન-૧૯૫)**

❋

પ્રશ્ન :– પાંચમા ગુણસ્થાનમાં નિર્વિકલ્પદશા વધતી જાય છે ?

સમાધાન :-- (હા), નિર્વિકલ્પદશા વધતી જાય છે ને સવિકલ્પદશામાં પણ વિરક્તિ વધતી જાય છે. નિર્વિકલ્પદશા પણ વધે અને સવિકલ્પતામાં પણ વિરક્તિ વધારે હોય છે. **(સ્વાનુભૂતિદર્શન-૧૯૬)**

❋

પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનમાં અને ચોથા ગુણસ્થાનમાં પણ એવી રીતે ફેર પડતો હશે ને ?

સમાધાન :-- ચોથા ગુણસ્થાનની ભૂમિકા એક ને એક હોય, પણ અમુક પરિણતિની તારતમ્યતામાં ફેર હોય છે. **(સ્વાનુભૂતિદર્શન-૧૯૭)**

❋

પ્રશ્ન :– ક્યા લક્ષણથી ખ્યાલ આવે કે આ સાચી મુમુક્ષુતા છે ?

સમાધાન :– 'માત્ર મોક્ષ અભિલાષ' – એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે – એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી, પણ માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય ? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય ? ને જેને બહારના કોઈ પદાર્થોની



ઇચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે. તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય ? જોકે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે, પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી. ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે–આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે. **(સ્વાનુભૂતિદર્શન-૧૯૮)**

❋

પ્રશ્ન :– ૧૧ અંગનું જ્ઞાન કર્યું હોય છતાં તે ઉપયોગને શાસ્ત્રમાં સ્થૂલ કહ્યો છે અને જે ઉપયોગે ચૈતન્યસ્વભાવને ગ્રહણ કર્યો તેને સૂક્ષ્મ કહ્યો છે એનું શું કારણ ?

સમાધાન :– ચૈતન્ય તત્ત્વને ગ્રહણ નથી કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે. જો પોતાના ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કરે તો તે ઉપયોગ સૂક્ષ્મ છે. ૧૧ અંગનું જ્ઞાન કર્યું એમાં બધું જાણ્યું પણ અંતર આત્માને ગ્રહણ ન કર્યો એટલે ઉપયોગ સ્થૂલ છે.

બાહ્ય શ્રુતજ્ઞાનમાં ભલે દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા, બધું જાણ્યું ખરું, પણ 'હું આ ચૈતન્ય છું' એમ ગ્રહણ ન કર્યું એટલે ઉપયોગ સ્થૂલ છે. તે ઉપયોગ સ્વસન્મુખ ન વળ્યો અને બહાર ને બહાર રહ્યો તેથી સ્થૂલ છે. જે ઉપયોગ ચૈતન્યને ગ્રહણ કરે તે ઉપયોગ સૂક્ષ્મ છે.

બહારનું ગમે તે જાણ્યું તો પણ ઉપયોગને સ્થૂલ કહેવાય, કારણ કે પોતાને ગ્રહણ નથી કર્યો. સ્વસન્મુખ-પોતા તરફ દિશા ન વળી, સ્વભાવને ન ઓળખ્યો તેથી બહાર રહેલ ઉપયોગને સ્થૂલ કહેવાય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૧૯૯)**

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૨૦ ઉપર)**




## ૪૫૩

મુંબઈ, પ્રથમ અસાડ વદ ૩, રવિ, ૧૯૪૯

મુમુક્ષુજનના પરમબંધવ, પરમસ્નેહી શ્રી સોભાગ્ય, મોરબી.

અત્રે સમાધિનો યથાયોગ્ય અવકાશ નથી. હાલ કોઈ પૂર્વોપાર્જિત પ્રારબ્ધ એવા ઉદયમાં વર્તે છે.

ગઈ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું, ત્યારથી ઉત્તરોત્તર ઉપાધિયોગ વિશેષાકાર થતો આવ્યો છે, અને ઘણું કરી તે ઉપાધિયોગ વિશેષ પ્રકારે કરી ઉપયોગથી વેદવો પડ્યો છે.

આ કાળ સ્વભાવે કરી તીર્થંકરાદિકે દુષમ કહ્યો છે. તેમાં વિશેષ કરી પ્રયોગે અનાર્યપણાયોગ્ય થયેલાં એવાં, આવાં ક્ષેત્રો વિષે તે કાળ બળવાનપણે વર્તે છે. લોકોની આત્મપ્રત્યયયોગ્ય બુદ્ધિ અત્યંત હણાઈ જવા યોગ્ય થઈ છે, એવા સર્વ પ્રકારના દુષમયોગને વિષે વ્યવહાર કરતાં પરમાર્થનું વીસરવું અત્યંત સુલભ છે. અને પરમાર્થનું અવીસરવું અત્યંત અત્યંત દુર્લભ છે. આનંદઘનજીએ ચૌદમા જિનના સ્તવનને વિષે કહ્યું છે, તેમાં આવા ક્ષેત્રનું દુષમપણું એટલી વિશેષતા છે; અને આનંદઘનજીના કાળ કરતાં વર્તમાનકાળ વિશેષ દુષમપરિણામી વર્તે છે; તેમાં જો કોઈ આત્મપ્રત્યયી પુરુષને બચવા યોગ્ય ઉપાય હોય તો તે એકમાત્ર નિરંતર અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એ જ જણાય છે.

પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને પણ આ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકાં ખાતાં ખાતાં સંસારસમુદ્ર માંડ તરવા દે છે, તથાપિ સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે; અને ઉતાપ ઉત્પન્ન થઈ સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે; અને એ જ દુઃખ લાગ્યા કરે છે.

એમ છતાં પણ આવો વ્યવહાર ભજતાં દ્વેષપરિણામ તે પ્રત્યે કરવા યોગ્ય નથી; એવો જે સર્વ જ્ઞાનીપુરષોનો અભિપ્રાય તે, તે વ્યવહાર પ્રાયે સમતાપણે કરાવે છે. આત્મા તેને વિષે જાણે કંઈ કરતો નથી, એમ લાગ્યા કરે છે.

આ જે ઉપાધિ ઉદયવર્તી છે, તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે, એમ પણ વિચારતાં લાગતું નથી. પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે.

મનમાં એમ ને એમ રહ્યા કરે છે કે અલ્પ કાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પ કાળમાં બને એવું સૂઝતું નથી, અને જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી તે ચિંતના મટવી સંભવતી નથી.

બીજો બધો વ્યવહાર વર્તમાનમાં જ મૂકી દીધો હોય તો તે બને એવું છે. બે ત્રણ ઉદય વ્યવહાર એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય એવા છે; અને કષ્ટે પણ તે વિશેષકાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહીં એવા છે; અને તે કારણે કરી મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજ્યા કરીએ છીએ.

કોઈ દ્રવ્યમાં, કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ ભાવમાં સ્થિતિ થાય એવો પ્રસંગ જાણે ક્યાંય દેખાતો નથી. કેવળ સર્વ પ્રકારનું તેમાંથી અપ્રતિબદ્ધપણું જ યોગ્ય છે, તથાપિ નિવૃત્તિ ક્ષેત્ર, અને નિવૃત્તિ કાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે. તે જોગ કોઈ પ્રકારે પણ જેમ બને તેમ થોડા કાળમાં થાય તે જ ચિંતનામાં અહોરાત્ર વર્તીએ છીએ. આપના સમાગમની હાલમાં વિશેષ ઇચ્છા રહે છે, તથાપિ તે માટે કંઈ પ્રસંગ વિના યોગ ન કરવો એમ રાખવું પડ્યું છે. અને તે માટે બહુ વિક્ષેપ રહે છે.

તમને પણ ઉપાધિજોગ વર્તે છે. તે વિકટપણે વેદાય એવો છે, તથાપિ મૌનપણે સમતાથી તે વેદવો એવો નિશ્ચય રાખજો. તે કર્મ વેદવાથી અંતરાયનું બળ હળવું થશે.

શું લખીએ ? અને શું કહીએ ? એક આત્મવાર્તામાં જ અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ. અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો. એ જ વિનંતી.

દાસાનુદાસ રાયચંદના પ્રણામ વાંચજો.